# સેવા સ્પંદન

વર્ષ : ૨ • અંક - ૧ • ઑક્ટોબર ૨૦૧૮ • યુગાબ્દ ૫૧૨૦



## કેરલ પૂર હોનારતમાં સેવાભારતીની સેવા સુવાસ

**સેવાભારતી ગુજરાત**

સેવાભવન, ૭, જોલી પાર્ક સોસાયટી, શ્રેયસ કો. ઓ. સ્ટોરની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૨૨ ગુજરાત

દૂરભાષ : ૦૭૯-૨૫૩૨૮૫૦૦ Email : sevavibhaggujarat@gmail.com

## સંપાદકીય

'સેવા' સમાજનો સ્વભાવ બનાવો જોઇએ. એક આંદોલન (Movement) બનવું જોઇએ.

આજ ભારતીય ચિંતન અને પશ્ચિમના ચિંતન વચ્ચે સ્પર્ધા છે. બંનેમાં ખૂબ મોટો તફાવત છે. પશ્ચિમનું ચિંતન મનુષ્યને અર્થકામી અને કામાર્થી બનાવે છે. આવો મનુષ્ય ક્યારેય અમૃતત્વને પ્રાપ્ત કરી શકતો નથી. ભારતીય ચિંતન અર્થ અને કામને ધર્મ અને મોક્ષની મર્યાદામાં રાખે છે. આ કારણથી મનુષ્ય વિનાશથી વિકાસ અને મૃત્યુથી અમૃતત્વ તરફ જાય છે.

પશ્ચિમમાં વિકાસ એટલે Development છે, આપણે ત્યાં 'પરમ વૈભવ'નો વિચાર છે. આ ચિંતનને સાકાર કરવા માટે જ સેવા એ જ શ્રેષ્ઠ માધ્યમ છે.

પ્રાચીન સમયમાં ધર્મ એટલે કર્તવ્ય, અર્થાત્ સેવાભાવયુક્ત સમાજજીવન ચાલ્યું આવે છે. માતૃધર્મ, પિતૃધર્મ, પુત્રધર્મ, પડોસીધર્મ, રાજધર્મ, પ્રજાધર્મ વગેરે. આ બધાનું વિસ્મરણ થવાથી સમાજમાં સમસ્યા, જીવનમાં વિરાસત અને મનદુઃખ જોવા મળે છે. કર્તવ્યપાલનથી સમરસતા, સહયોગ અને વિકાસ થાય છે.

સેવા જ જીવન, સેવા જ સમર્પણ. બધા માટે જીવવું તે જ જીવનદર્શન છે. તેના માટે સમાજમાં બન્ધુત્વનો અને સમરસતાનો ભાવ જગાવવો. આપણા વંચિત, પીડિત, શોષિત દુર્બળ સમાજનું દર્શન કરી સેવાભાવ અને કર્તવ્યભાવ જગાવવો, તેમના સુખમાં જ મારું સુખ છે, તેમને સુખી બનાવવા મારું કર્તવ્ય છે, આપણે એક વિશાળ પરિવારના સદસ્ય છીએ આ ભાવ જગાવતા જગાવતા 'સેવા' આ સમાજનો સ્વભાવ બને આંદોલન (Movement) બને તેવા પ્રયત્ન કરવા પડશે.

સમાજમાં જેમ વિકાસ માટે સ્થાયીપણે સેવાકાર્યોનું એક જાળું રચાય તેમ સમાજમાં આવી પડનારી કુદરતી કે માનવસર્જિત આપત્તિઓમાં સમાજ સૌ ખભેથી ખભો મેળવી આપત્તિને અવસરમાં ફેરવે તે પણ આવશ્યક છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં કેરલ પ્રાંતમાં થયેલ પૂર દુર્ઘટનાને કારણે અનેક માનવો અને પશુ પક્ષીઓએ જીવ ખોયા. કરોડોની સંપત્તિનો નાશ થયો. આ પરિસ્થિતિમાં સમાજ, પ્રશાસન અને સેવાભારતી જેવી અનેક સેવાકીય સંસ્થાઓએ સમાજના પડખે ઉભા રહી એકત્વનો સાક્ષાત્કાર કરાવ્યો, જે અપેક્ષિત જ છે. પરંતુ આ ભાવ સતત સ્થાયી બને તે આવશ્યક છે. આ સેતુ હિમાચલ આપણે સૌ એક છીએ આથી કોઈ પણ આપત્તિને પરાસ્ત કરવા સૌ સક્ષમ છીએ આ પ્રકારનો અભય ભાવ સૌમાં સતત રહે તે જ પર્યાપ્ત છે.

દરેક વખતની જેમ આ અંકનું વાંચન કરી આપના પ્રેરક સૂચનો અમને મળશે, તો જરૂર સેવા વિષયને વધુ સમૃદ્ધ બનાવી આપની સમક્ષ પ્રસ્તુત કરીશું.

મુખ્ય સંપાદક
**મગનભાઈ પટેલ**

તેરા તુઝકો અર્પણ

# સેવા સ્પંદન

વર્ષ : ૨ • અંક : ૧
ઑક્ટોબર-૨૦૧૮ • યુગાબ્દ ૫૧૨૦

સંપાદક
**શ્રી મગનભાઈ પટેલ**

સંપાદક મંડળ
**શ્રી નરેન્દ્રભાઈ દવે**
**શ્રી જનકભાઈ દવે**

પત્રવ્યવહાર કાર્યાલય
**સેવા ભારતી ગુજરાત**
સેવાભવન, ૭, જોલી પાર્ક સોસાયટી,
શ્રેયસ કો. ઓ. સ્ટોરની બાજુમાં, કાંકરીયા
અમદાવાદ-૩૮૦૦૨૨ ગુજરાત
દૂરભાષ : ૦૭૯-૨૫૩૨૮૫૦૦
Email : sevavibhaggujarat@gmail.com

મુદ્રક પ્રકાશક
સેવા ભારતી ગુજરાત વતી
**શ્રી ગિરીશભાઈ હિંમતલાલ પટેલે**
નવભારત પ્રિન્ટીંગ પ્રેસ, ૯, પુનાજી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ ક્રોસ રોડ, દૂધેશ્વર, અમદાવાદ-૩૮૦ ૦૦૪ ખાતે છપાવી સેવાભવન, ૭, જોલી પાર્ક સોસાયટી, શ્રેયસ કો. ઓ. સ્ટોરની બાજુમાં, કાંકરીયા, અમદાવાદ-૩૮૦૦૨૨ ગુજરાતથી પ્રગટ કર્યું.

**मूलं भुजंगैः शिखरं विहंगैः, शाखा प्लवंगैः कुसुमानि भृंगैः।**
**आश्चर्यमेतत् खलु चन्दनस्य, परोपकाराय सतां विभूतयः ।।**

ચંદનના વૃક્ષના મૂળમાં સાપ ટોચ પર પક્ષીઓ ડાળીઓ પર વાનરો અને ફૂલો પર ભમરાઓ આસરો લે છે. આ બાબત ખરેખર આશ્ચર્યજનક છે. સાચેજ સજ્જનોની સંપત્તિ પરોપકાર માટે છે.

**સંત ગાડગેબાબાએ કહ્યું છે કે,** દરેક ભૂખ્યાને અન્ન મળે, તરસ્યાને મળે પાણી, મળે અર્ધનગ્નોને વસ્ત્ર, બેઘરોને આસરો, બેરોજગારોને મળે રોજગાર, ગરીબ બાળકોને મળે શિક્ષણ, અંધ, અપંગ અને રોગીજનોને મળે યોગ્ય સારવાર, પશુ પક્ષી મૂંગા પરની નિર્ભયતાથી સંચાર કરે, દુઃખી પીડિત નિરાશ જનોને મળે હિંમત અને સાંત્વના. આ જ ધર્મ છે, આ જ ભક્તિ અને આરાધના. સાચા ઈશ્વરને ઓળખીએ, તેની જ સેવા કરીએ.

## અનુક્રમણિકા


- સંપાદકીય ૨
- સેવા દ્વારા સામાજિક પરિવર્તન ૪
- અર્પણ દીવાલ ૫
- કેરલ પૂર હોનારતમાં સેવાભારતીની સેવા સુવાસ ૬
- કેરલના મહાવિનાશમાં આર.એસ.એસ. અને સેવાભારતીની ભાવધારા... ૮
- સેવા ચરિત્ર ચલે નિરંતર સાધના : કાત્રે ગુરુજી ૧૧
- જાગ્યા ત્યારથી સવાર ૧૩
- દશરથ માંઝી ૧૫
- સંકલ્પ ગુરુકુલમ્ ૧૮
- શ્રી પુજિત રૂપાણી મેમેરિયલ ટ્રસ્ટનાં સેવા કાર્યો ૧૯
- ઉધારીનો ધંધો સેવાકાર્યમાં પરિણમ્યો ૨૧
- ગ્રામવિકાસ પ્રબોધિની ૨૨
- સમરસતા યજ્ઞ ૨૫
- તીર્થગામ માનપુર ૨૬

# સેવા દ્વારા સામાજિક પરિવર્તન

ચિંતનભાઈ ઉપાધ્યાય, પ્રાન્ત પ્રચારક, રા. સ્વ. સંઘ, ગુજરાત, ફોન : ૨૭૬૧૪૩૫૯

આપણા સેવાકાર્યો નો ઉદ્દેશ - સેવા દ્વારા સમાજમાં પરિવર્તન એટલેકે 'સામાજીક પરિવર્તન' છે. સમાજ પરિવર્તન એટલે કે સ્વસ્થ સમાજનું નિર્માણ તે સમજવા માટે સેવાકાર્યોનું પાંચ આયામમાં વિભાજન કરવામાં આવ્યું છે.

**સામાજિક પરિવર્તનના પાંચ આયામ -**

**૧. સામાજિક શિક્ષણ -** કેવળ વિદ્યાલયનું / મહાવિદ્યાલયનું (academic) શિક્ષણ માત્ર 'શિક્ષણ' નથી. આપણું શિક્ષણ ધર્મ આધારિત થાય. આપણું શિક્ષણ મુક્તિદાતા બને **'सा विद्या या विमुक्तये'**. શિક્ષણ એટલે સાક્ષર /સુશિક્ષિતની સાથે સુસંસ્કૃત થવું. આપણા શિક્ષણ વિષયમાં ચાલવાવાળા સેવાકાર્યો દ્વારા સેવિતોને સુસંસ્કારિત બનાવવા. ચારિત્ર્યનું નિર્માણ કરવું તેમનામાં પોતાના ધર્મ, સંસ્કૃતિ અને જીવનમૂલ્યો તથા આદર્શો પ્રતિ નિષ્ઠા નિર્માણ કરવી. સામાજિકભાવ / સમર્પણભાવ જાગૃત કરવો.

**૨. સામાજિક સ્વાસ્થ્ય -** સ્વસ્થ વ્યક્તિથી સ્વસ્થ પરિવાર, સ્વસ્થ વસ્તી / ગામ તેમજ સ્વસ્થ રાષ્ટ્ર બને એવી જીવનપધ્ધતિનું નિર્માણ થવું જોઈએ. ઔષધિઓ /દવાઓ લઈને સ્વસ્થ રહેવું તે અધૂરું ચિંતન છે. બીમારી નું કારણ સમાપ્ત કરવું તે યોગ્ય પદ્ધતિ /માર્ગ છે.

- તે માટે વસ્તી/ ગામ ને સાફ સુથરા રાખવાથી લઈને તેવા વિષયોમાં સમાજનું પ્રબોધન /જાગરણ કરવું.
- સ્વાસ્થ્ય સબંધી ચેતના જાગૃત કરવી. બાળક અને યુવાઓમાં 'વિભિન્ન કાર્યક્રમો અને હરીફાઈઓ' દ્વારા રમત-વ્યાયામથી શરીર સ્વસ્થ / તંદુરસ્ત રાખવા માટેનો ભાવ પેદા કરવો.
- ગામની બીમારીનું નિદાન /સારવાર ગામમાંજ મળી શકે તેવી દૃષ્ટિથી દાદીમાનો દાબડો/ઘરગથ્થુ સારવાર, પ્રાથમિક સારવારના વિષયમાં પ્રશિક્ષણ આપવું.
- મન સ્વસ્થ તો શરીર સ્વસ્થ તે માટે મનઃસ્વાસ્થ્યના વિવિધ ઉપક્રમોના માધ્યમ દ્વારા પ્રયાસ કરવા.

**૩. સામાજિક સંપન્નતા -** સ્વાભિમાની આત્મસમ્માન યુક્ત (self respect). આત્મનિર્ભર (self reliance), આત્મવિશ્વાસ યુક્ત (self confidence) સ્વાવલંબી, પરિશ્રમી સમાજનું નિર્માણ.કોઈ પણ વ્યક્તિ દરિદ્રતાનો અનુભવ ન કરે અને વિલાસી ન હોય. **'तेन त्यक्तेन भुञ्जिथाः'** ત્યાગ કરીને ભોગવો, સંયમથી દારિદ્રય મુક્તિ. 'જીવનમાં જેટલું મેળવો તેના કરતા વધુ આપો. 'પોતાની આવકના ત્રણ ભાગ કરો - ૧. પોતાના માટે ૨. પરિવાર માટે ૩. સમાજ માટે' આ શિક્ષણ આપો. વિભિન્ન સેવાકાર્યો દ્વારા આર્થિક દૃષ્ટિથી પછાત લોકો માટે સ્વાવલંબનના કાર્ય ચલાવવા. જેવાકે - સ્વ-રોજગાર પ્રશિક્ષણ, સિલાઈ પ્રશિક્ષણ, સંગણક પ્રશિક્ષણ, સ્વ-સહાયતા સમૂહ, ગાય આધારિત કૃષિ ઉદ્યોગ, કુટીર ઉદ્યોગનું પ્રશિક્ષણ વગેરે.

ક્ષુધામુક્ત અને સ્વાભિમાનયુક્ત ગામ/વસ્તી.

**૪. સામાજિક સુરક્ષા -**

**अपनी रक्षा आप करे जो,**
**देता उसका साथ विधाता ।**
**अन्योपर अवलम्बित है जो**
**पग पग पर है ठोकर खाता ।।**

- પોતાની સુરક્ષા માટે શાસન અને પોલીસ પર નિર્ભર રહેવું સુરક્ષિત સમાજનું લક્ષણ નથી. સમાજમાં સ્વસુરક્ષાનો ભાવ વધે તે દૃષ્ટિથી ભાવ જાગરણ અને વિભિન્ન કાર્ય, પ્રશિક્ષણ આપવું.
- **ગામે ગામે સભા કાર્ય ગામે ગામે કથાનો અમૃતપાન, પાઠશાળા, મલ્લ શાળા પ્રતિપર્વ મહોત્સવ**
  - પં.મદન મોહન માલવિય

આ હેતુ ગામોમાં વ્યાયામ શાળા ચલાવવી, યુવાવર્ગને સંગઠિત કરીને સુરક્ષાના હેતુ માટે પ્રશિક્ષણ આપવું

- પોતાની વસ્તી / ગામની **'મહિલાઓની સુરક્ષા કરવી પોતાનું દાયિત્વ છે'** તે ભાવ ત્યાંના પુરુષ વર્ગમાં જગાવવો.
- 'વ્યસનમુક્ત ગામ/વસ્તી - સુરક્ષિત ગામ/વસ્તી' પોતાનું ગામ /વસ્તી વ્યસનમુક્ત અને સુરક્ષિત રહે તે પ્રયાસ કરવો
- સંઘર્ષમુક્ત ગામ /વસ્તી - ગામ / વસ્તીના આપસી ઝગડા /વિવાદ

ઉકેલવા કે જેથી ગામ /વસ્તી નો એક પણ વિવાદ ન્યાયાલયમાં ના જાય એવું વાતાવરણ બનાવવું. દા.ત. ચિત્રકૂટ પ્રકલ્પ.

- મતાન્તરણ મુક્ત ગામ/વસ્તી – સમાજમાં પોતાના ધર્મ પ્રત્યે શ્રદ્ધા જાગૃત કરવી અને જાગૃત સમાજ દ્વારા મતાન્તરણના પ્રયાસો રોકવા. મતાંતરિત પરિવારોની ઘર વાપસી કરવી.
- શિક્ષણ, સંસ્કાર અને રોજગાર દ્વારા યુવોનોને અપરાધીકરણથી બચાવવા.

**૫. સામાજીક સમરસતા** – અસ્પૃશ્યતા નિવારણ માત્ર નહી પણ સંપૂર્ણ સમાજમાં એકરસ અને સમરસતાનો ભાવ સ્થાયી બને એવો પ્રયાસ કરવો.

**'સવર્ણોના મનનો સંકુચિત ભાવનું નામ છે અસ્પૃશ્યતા'** – પૂ. શ્રી ગુરુજી

આપણા સેવાકાર્યો અને વિભિન્ન ઉપક્રમો દ્વારા તથાકથિત સવર્ણોના મનનો આ સંકુચિત ભાવ સમાપ્ત કરવો. તથાકથિત અછૂત વર્ગોના ભાઈ – બહેનોને સામાજિક સન્માન પ્રાપ્ત કરાવવું.

ગામ/ વસ્તીમાં – સમૂહ ભોજન, વિવિધ ઉત્સવ, ધાર્મિક કાર્યક્રમ કરવો. આ માર્ગથી સમાજનાં પરિવર્તન આવશે.

સુશિક્ષિત, સ્વસ્થ, સુસંપન્ન, સુરક્ષિત અને સમરસતા યુક્ત સમાજનું નિર્માણ તે જ આપણો ઉદ્દેશ છે. 'સેવાના માધ્યમથી સર્વાંગીણ વિકાસની દિશામાં સામાજિક પરિવર્તન' આ ઉદ્દેશોના પરિપ્રેક્ષ્યમાં સેવાકાર્યનું મૂલ્યાંકન થવું જોઈએ. આપણા સેવાકાર્યો દ્વારા કેવળ ભૌતિક ઉન્નતિ કરવી એ જ માત્ર આપણો ઉદ્દેશ્ય ના રહે પરંતુ વંચિત સમાજની ઉન્નતિની સાથે સાથે ઉપર જણાવેલ બિંદુઓના અનુસાર પોતાના ક્ષેત્રમાં આવું પરિવર્તન થઈ રહ્યું છે કે ? તેની સમય સમય પર સમીક્ષા અને ચિંતા કરવી જોઈએ. આ દૃષ્ટીથી આપણા કાર્યકર્તાઓનું પ્રશિક્ષણ અને માર્ગદર્શન કરવું જોઈએ

•

# અર્પણ દીવાલ



સમાજમાં એક વર્ગ એવો છે કે જેને જીવન જરૂરિયાતની વસ્તુઓનો અભાવ હોય છે, પરંતુ કોઇની પાસે માંગી શકતા નથી. આ જ પ્રમાણે એક વર્ગ એવો પણ છે કે જેમની પાસે જીવનજરૂરિયાત વસ્તુઓની અધિકતા છે. તેમની આ વસ્તુઓ અભાવગ્રસ્ત બંધુને એ રીતે મળે કે જેથી લેનારમાં લાચારીનો ભાવ ન રહે આપનારને આપ્યાનો મિથ્યા અહંકાર ન રહે પરંતુ સારું કર્યાનો સંતોષ રહે. તે માટેની વ્યવસ્થા સમાજમાં થાય તેની એક પ્રતીકાત્મક વ્યવસ્થા એટલે 'અર્પણ દીવાલ'.

કર્ણાવતી મહાનગરના બાપુનગર ભાગમાં ઠક્કરબાપા નગર એપ્રોચ પાસે હરિૐ ચેમ્બર ની ૧ દીવાલ પર 'અર્પણ દીવાલ'ના નામથી કૃષ્ણ નગરના સ્વયંસેવકો દ્વારા આ ઉમદા સેવાકાર્ય છેલ્લા ૬(છ) મહિનાથી ચાલે છે, જેમાં આપણા ઘર ઓફીસમાં આપણા માટે વધારાની પણ બીજાને કામમાં આવી શકે તેવી વસ્તુ જરૂરતમંદ સુધી પહોંચે તેવો ઉદ્દેશ્ય છે. આ સેવાકાર્યમાં અત્યાર સુધી ભાઈઓ તથા બહેનોના કપડાં, ગોદડા, પગરખાં, બાળકોને રમવાના સાધન વગેરે તે દીવાલ પાસે યોગ્ય રીતે મૂકવામાં આવે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો અને આસપાસના સેવા રુચિ વાળા લોકોના સહકારથી આ બધું પ્રાપ્ત થયેલ છે. આ સામાનનું વિતરણ સંઘના સ્વયંસેવકો દ્વારા જરૂરતમંદ વસ્તીમાં પણ કરેલ છે. તેમાં આશરે ૨૦૦ જોડ ભાઈઓ અને ૧૫૦ બહેનો તથા ૧૦૦ બાળકો ને કપડાં વિતરણ કરેલ છે. ૯૦ જોડ પગરખા ૫ પુસ્તકો ૪ ગોદડા પણ વિતરણ કરેલ છે. આ કાર્યનો ઉદ્દેશ્ય શુભ હોવાથી સમાજમાંથી લોકો ધીમે સહાયતા માટે આગળ આવી રહ્યા છે. આ પ્રકારની વ્યવસ્થા ઠેકઠેકાણે થાય તો સમાજમાં સર્વેત્ર સુખિનઃ સન્તુ નો વિચાર બળવાન અને ક્રિયાશીલ બનશે.

# કેરલ પૂર હોનારતમાં સેવાભારતીની સેવા સુવાસ


ડૉ. જનકભાઈ દવે મો. ૯૪૨૭૬૧૫૦૮૧



જુલાઇ ૨૦૧૮ના અંતમાં નૈઋત્ય દિશામાંથી આવતો વરસાદ આ વખતે કેરલ માટે જાણે આપત્તિ બનીને ત્રાટક્યો. અભૂતપૂર્વ વરસાદના કારણે કેરલના બધા જીલ્લા જલપ્લાવિત થઇ ગયા. કેરલની નદીઓના પરના બધા જ બંધ ઉભરાઈ જવાના કારણે તેમના દરવાજા ખોલી નાખવા પડ્યા હતા. ઈડુક્કી બંધના પાંચેય દરવાજા ખોલવા પડ્યા તે અત્યાર સુધીના ઇતિહાસમાં પહેલી વાર બન્યું. કેરલની કુલ વસ્તીનો છઠ્ઠો ભાગ આ ત્રાસદીથી અસરગ્રસ્ત બન્યો. કેરલના ૧૪ (બધા) જીલ્લા રેડ એલર્ટમાં આવી ગયા હતા. ૨૨ ઓગસ્ટ સુધીના આંકડા પ્રમાણે ૩૭૦ લોકો એ પોતાના જીવ ગુમાવ્યા હતા. ૧૦ લાખથી વધુ લોકોનું સ્થાનાંતરણ કરવામાં આવ્યુ. ૪૨, ૦૦૦ હેક્ટર જમીનનો ઉભો પાક નાશ પામ્યો.જેના કારણે ૨.૬ લાખ ખેડૂતો અસરગ્રસ્ત બન્યા. ૧૦, ૦૦૦ કી.મી. રસ્તાઓ ક્ષતિગ્રસ્ત બન્યા. ૨૨૧ પુલો સંપૂર્ણ પાણે નાશ પામ્યા. એક પ્રાથમિક અંદાજ પ્રમાણે ૨૦ હજાર કરોડ રૂ. નું નુકશાન થયું.

આવી ભયંકર ત્રાસદીના કારણે કેન્દ્ર સરકારે અને ત્રીજા લેવલની આપત્તિની જાહેરાત કરી. બચાવ અને રાહત કાર્યમાં સરકાર અને સેવાભાવી લોકો આગળ આવ્યા. આમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત સેવાભારતી અને તેના સંઘ વિચારના સંગઠનો અગ્રસર રહ્યા. સરકાર દ્વારા ૩૯૬૫ રાહત શિબિરો પારંભ કરવામાં આવ્યા. સેવાભારતી કેરલ દ્વારા ૩૫૦ એકમો પ્રારંભ કરવામાં આવ્યા અને ૧૫૦ રાહત શિબિરો ચાલુ કરવામાં આવ્યા. લોકોના બચાવ અને રાહતના કામોમાં કુલ ૮૫, ૦૦૦ સ્વયંસેવકો જોડાયા જેમાં ૨૦, ૦૦૦ની સંખ્યામાં માતૃશક્તિ પણ જોડાઈ. દરેક જીલ્લાઓમાંથી કાર્યકર્તાઓ જોડાયા પરંતુ વિશેષ કરીને કોઝીકોડ,





ત્રિચુર જેવા સમુદ્રકાંઠાના માછીમાર બંધુઓ એર્નાકુલમ, ત્રિચુર જેવા અસરગ્રસ્ત જિલ્લાઓમાં પોતાની ૧૫૦ નાવ લઈને ૭૦. ૦૦૦ જેટલા કાર્યકર્તાઓ સીધા બચાવના કામમાં લાગ્યા જેનાથી ૭૦.૦૦૦ લોકોના જીવ બચાવ્યા. ૧૫૦ જેટલા રાહત શિબિરોમાં દરેકમાં ૫૦ કાર્યકર્તા અને સરકારી શિબિરોમાં દરેકમાં ૨૦ કાર્યકર્તા કામમાં લાગ્યા.

૨૫ જેટલા ચિકિત્સા શિબિરો અલાપુઝા જીલ્લાના કુટ્ટાલનાડુમાં ચાલુ કરવામાં આવ્યા છે, ૭૦ એમ્બ્યુલન્સ દ્વારા અને અન્ય ઔષધીય કેન્દ્રો દ્વારા લોકોને સ્વાસ્થ્ય સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. હજુ પણ વધુ સુવિધાઓ મળે તેવી યોજનાઓ બની રહી છે. એક લાખ જેટલા સ્વયંસેવક બંધુ ભગિનીઓ સ્વચ્છતાના કામમાં લાગ્યા છે જે મુખ્યત્વે રહેઠાણોની સ્વચ્છતા, કચરાનો નિકાલ, પાણીનું કલોરીનેશન અને કૂવાઓની સફાઈ જેવા કામો કરવામાં આવી રહ્યા છે.

સમાજમાં હજ્જારો શુભેચ્છકો અને સેવાભાવી લોકો સહાયમાં આગળ આવ્યા જેમણે કપડા, ખાદ્યસામગ્રી, પીવાનું પાણી વગેરે એકત્ર કરી પહોચાડી રહ્યા છે. આ બધી સામગ્રી એકત્ર કરવા માટે ત્રિવેન્દ્રમ, પલક્કડ, એર્નાકુલમ વગેરે જીલાઓમાં સરેરાશ ૧૫ સંગ્રહકેન્દ્રો છે આમ સંપૂર્ણ રાજ્યમાં ૨૧૦ સંગ્રહ કેન્દ્રો છે. રાહત સામગ્રીના હેરફેર માટે ૩૦૦થી વધુ વાહનો કાર્યરત છે.

પ્રાંતનું સેવાકાર્ય સંદર્ભમાં કેન્દ્ર ત્રિચુરમાં છે. આ ઉપરાંત અહર્નિશ સહાયતા કેન્દ્ર (હેલ્પડેસ્ક) પ્રાંતના બધા જ જીલ્લાકેન્દ્રોમાં ચાલી રહ્યા છે.

કેરલની આ મહાઆપત્તિમાં સંપૂર્ણ ભારતમાંથી રા. સ્વ. સંઘના સ્વયંસેવકો સહાય કાર્યમાં કાર્યરત છે. આપણા ગુજરાત રાજ્યમાં પણ દરેક નગરોમાં સરેરાશ ૨૫ સ્વયંસેવકો જાહેર રસ્તાઓ પર સમાજ પાસેથી આર્થિક સહાયની ટહેલ નાખી નિધિસંગ્રહ કર્યું છે. નેશનલ મેડીકોઝ ઓર્ગેનાઈઝેશન દ્વારા ડો નરેન્દ્ર પાલીવાલ, ડો વિરેન નાયક અને ડો વિશાલ રંજનના માર્ગદર્શન હેઠળ ચિકિત્સકોની ટુકડી ત્યાં કાર્યરત છે. આમ રા.સ્વ.સંઘ તેની છાપ પ્રમાણે નિઃસ્વાર્થના કામમાં અને આપણા દેશબંધુઓના અશ્રુ લુછવા કાર્યરત છે.

# કેરલના મહાવિનાશમાં આર.એસ.એસ. અને સેવાભારતીની ભાવધારા...

**હરિકૃષ્ણશાસ્ત્રી (ઉજાસનું સરનામું-સંદેશ)**


ભગવાનનો દેશ આજે પાણીમાં ગરકાવ થયો છે. કેરળ ઇતિહાસની દૃષ્ટિએ પણ મહત્ત્વનું રાજ્ય, અને ભારતનો અતિ રમણીય પ્રદેશ. આ જાજરમાન ભૂમિને આ વખતે કુદરતે એવી લપડાક મારી છે કે તેને ફરીથી બેઠું થતાં આવનાર ૧૦ વર્ષ વીતી જશે.

અને આ સ્થિતિમાં અનારાધાર વરસાદમાં જાન અને સ્વાસ્થ્યને જોખમમાં મૂકીને નિઃસ્વાર્થપણે સેવા કરતા આર.એસ.એસ.ના યુવાનો-યુવતીઓ રાહુલને કટ્ટરવાદી મુસ્લિમ બ્રધરહૂડ સંગઠનના હોય તેવા લાગે છે...! ભારતની ગ્રાઉન્ડ રિયાલિટીનો અને મુસ્લિમ બ્રધરહૂડ જેવી કટ્ટરવાદી સંસ્થાઓનો એ માણસને કોઈ ઊંડાણપૂર્વકનો અભ્યાસ છે કે નહિ ? ક્યાંય પણ સારું જોવા એની પાસે કોઈ દૃષ્ટિકોણ છે કે નહિ ? કે પછી કોઈ પણ બાબતે માત્ર ડીંડવાણુ જ ઊભું કરીને દેશ અને પરદેશમાં લોકોના મનમાં અલગાવ જ પેદા કરવો એ જ એનું લક્ષ્ય છે ?

'લાશોં કા અંબાર લગા હૈ, સડક અટી હૈ કેરળ મેં, બાઢ ભયાનક પાની પાની, ધરા ફટી હૈ કેરળ મેં'

સોશિયલ મીડિયાના ટી.આર.પી. નિષ્ણાતોએ આજની કરુણ પરિસ્થિતિમાં પણ જે લોકો દુઃખનો હાહાકાર ભોગવી રહ્યા છે, તે લોકોને પણ ટ્રોલ કરવામાં ઓછી જહેમત નથી ઉઠાવી... 'ગાયોની હત્યા કરનાર, રામની મૂર્તિ પગ નીચે કચડની નાખનારની દશા આવી જ થાય !' આવું લખી લખીને દેશની જનતાને દેશની જ જનતા સામે ખડી કરી દેવાની આ કુત્સિત મનોવૃત્તિ રાહુલના જેવી જ ભાગલાવાદી જ હોવી જોઈએ !

આ કહરને ઘણા નિષ્ણાતોએ માનવ સર્જિત કહ્યો છે, આ વાત જરા દિમાગમાં બેસે તેવી છે. ભગવાનનો દેશ કહેવાતા આ હરિયાળા પ્રદેશમાં આઠ લાખ તો ખેડૂતો છે, ૩૭થી વધુ નાના-મોટા ડેમ છે. અને ભારે વરસાદ પછી બધી જ નદીઓના પાણી ડેમમાં ભયજનક સપાટી સુધી પહોંચી ગયા હતા, ત્યારે જ માત્ર ત્રણ કલાકની ટૂંકી નોટિસ આપી એક સાથે મોટા ભાગના ડેમોના દરવાજાઓ ખોલી નખાયા હતા ! જેમાં સૌથી મોટી તબાહી નોતરનાર ઈડુક્કી ડેમ સાબિત થયો ! જેના પાંચ દરવાજા એક સાથે ઊંચકાયા અને ૨૧ ઓગસ્ટ અને ૨૨ ઓગસ્ટના માત્ર



પ્રથમ ૨૬ કલાકના સમય ગાળામાં ૩૫૦થી વધુ લોકોની જિંદગી પાણી સાથે તણાઈ દરિયા ભેગી થઈ ગઈ ! પૂર આટલી હદે તબાહી મચાવશે તેનો અંદાજ કાઢવામાં તંત્ર સાચા અર્થમાં અજ્ઞાની પુરવાર થયું.

તબાહીના આંકડા અંતર-મનને થરથરાવે તેવા છે. ૩૭૦નો સત્તાવાર મૃત્યુઆંક છે. ૧૦ લાખ લોકોને ઘર મૂકીને રાહત કેમ્પોમાં આશરો લેવો પડ્યો છે. ૫૩૭ જગ્યાઓ પર પર્વત પહાડીઓ પરથી એટલી હદે લેનડ સ્લાઇડ થયું છે કે આશરે ૧૦, ૦૦૦ કિ.મી. સુધીનો રોડ સંપૂર્ણ નષ્ટ થઈ ચૂક્યો છે. સૌથી ખરાબ અસર થઈ છે ધરતીના તાતને/ખેડૂતોની ૪૨, ૦૦૦ હેક્ટર જમીનો ઉપરનો સંપૂર્ણ પાક નાશ પામ્યો છે, અને તે કરતાંયે ભારે કરુણતા એ છે કે પૂર પછી તે જમીનની ફળદ્રુપતા એવીને એવી રહી હશે કે નહિ એ તેઓના હૃદય કોરી નાખતી ચિંતા છે...

મંત્રીઓનું હવાઈ નિરીક્ષણ ચાલુ રહે છે ને એને ડિઝાસ્ટર ટુરિઝમનું નામ આપીને પ્રબુદ્ધ લોકો પણ તેમને ટ્રોલ કરે છે. અલ્પુઝા, પથનામીઠ્ઠા, એર્નાકુલમ, ત્રિશૂર, મલ્લાપુરમ, પલક્કડ અને વાયનાર જેવા રળિયામણા શહેરો આજે નર્કાગારની સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. સરકાર, આર્મી, સ્થાનિક સંસ્થાઓ એક સાથે યુદ્ધના ધોરણે બચાવકાર્યમાં લાગી પડ્યા છે. જેમાં જુદી જ ભાત પાડીને માત્ર બસ્સો-પાંચસો નહિ પંચ્યાસી હજાર સ્વંયસેવકો સાથે કાર્યરત છે : આર.એસ.એસ. અને તે દ્વારા સંચાલિત સેવાભારતી સંસ્થાન !

કોણ નથી જાણતું કે કેરાલા ૬૭ ટકા ખ્રિસ્તી વસ્તી સાથે દેશનું સૌથી મોટું ખ્રિસ્તી કેપિટલ છે ! અને કોણ નથી જાણતું કે આર.એસ.એસ. અને સેવાભારતી સંસ્થા આર્યમૂળને દિલ અને દિમાગમાં રાખીને હિન્દુત્વ, ભારતીયતા અને સાંસ્કૃતિક ગૌરવનો પર્યાય બનીને જનમાનસમાં પ્રસ્થાપિત છે ?

પરંતુ ભારતીય સૈન્ય પછી સૌથી દમદાર સેવકદળ સાબિત થયું હોય તો એ છે, સેવાભારતીના ૬૫૦૦૦ યુવાનો અને ૨૦૦૦૦ યુવતીઓ ! ઘરનાં કામમાંય આઠ જણા એકઠા કરવા ભારે પડે, તેવા જમાનામાં પોણો લાખ ઉપરાંત ૧૦૦૦૦ યુવાનોને દેશના એક પ્રાંત માટે અને સાવ અજાણ્યા ચહેરો માટે તન, મન, ધનથી સમર્પિત થતા જોઈએ છે ત્યારે ભારતીય માનસમાં આર.એસ.એસ. એ તેજનો ઉજ્જ્વળ પ્રકાશ સ્તંભ બનીને ભારતીય માનસમાં ઝળકી રહે છે.

કેરળના લોકોએ ગાયોની કતલો કરીને દેશની સંસ્કૃતિનું જે અપમાન કર્યું તેનું અત્યારે પાપ જ ભોગવે... એવી વિચારધારા જે જે સ્થાપિત હિતો ચલાવી રહ્યા છે, તે બધાને આ સ્વયંસેવકોનો જાણે આ કર્મશીલ ઉત્તર છે. એમણે વિપરીત દલીલોનો જવાબ, દેશ પ્રત્યેની જવાબદારી અને ફરજોથી આપ્યો છે. સંકીર્ણતાનો જવાબ પોતે ઘસાઈ જવાના સમર્પણથી આપ્યો છે. પારકા-પોતાના જેવા ભેદનો જવાબ એમણે પૂરી સમરસતાથી આપ્યો છે. દુનિયાને બતાવી દેવાના જ્વરને બદલે ઘસાઈ જવાના ચંદનલેપ બનીને એમણે આખા કેરલમાં સેવાનો પરચમ લહેરાવ્યો છે.

તમે જરા ધ્યાનથી ત્યાંના ફોટા જોયા છે ? સેવાભારતીના યુવાનોએ ખાટલે પડેલાઓને પૂરમાંથી ખાટલા સાથે ઉપાડીને રેસ્ક્યુ કર્યા છે. બાળકોને ઝોળીમાં નાખીને પોતાના ખભાનો તરાપો બનાવ્યો છે. બુઝુર્ગોની લાકડી ન બની શકાય તેમ લાગ્યું ત્યાં તેઓ ૧૫૦૦ બોટ લઈને બચાવ કાર્યમાં નીકળી પડ્યા હતા...

જ્યાં અડધી ડૂબીને ચાલતી એવી પગદંડી પર જીવના જોખમે ૭૦૦-૭૦૦ એમ્બ્યુલન્સ દોડાવીને ! ટ્વેંટી ફોર સેવનના હેલ્પ ડેસ્ક પર જીવ અદ્ધર કરી દેતી દાસ્તાનો આવતી, તેને સ્થિરતાથી મેનેજ કરી ૭૦, ૦૦૦, હા, પૂરા સિત્તર હજાર કેરાલીયન ભાઈઓ-બહેનોને માત્ર ભારતીય નાગરિક હોવાના નાતે પોતાના સ્વજન ગણીને બચાવી લીધા છે !

સ્થાનિક સરકારના મંત્રીઓ અને સેનાના અધિકારીઓ આ બધું જોઈને મોંમાં આંગળા નાખી જાય છે, અને રિવ્યુ આપતા કહે છે કે સેવાભારતી અમારી માટે બીજું સૈન્ય છે... ૩૦૦ જેટલા કલેક્શન સેન્ટરો જિલ્લાવાર બનાવી અને ૧૫૦૦ સબ સેન્ટરો બનાવી એમને ગ્રોસરી, દવા, કપડાં, સેનિટેશન મટીરીયલ્સ, ઘરગથ્થુ સામાનની કીટ અને પીવાનું પાણી સપ્લાય કર્યા. એમના એ આયોજનમાં સફળ સંચાલનની કુનેહ જોવા મળી એક પરિપક્વ નાગરિકમાં દિલની સંવાદના જોવા મળી, તમામ પ્રભાવિત જિલ્લાઓમાં એમને દેવદૂત તરીકે જોનારા

પ્રજાજનોની આંખોમાં આ સેવકોને જોઈને અંતરના આભારની ચમક વરસી પડે છે.

૨૦૦૦૦ કરોડના નુકસાનની સામે, ૨ લાખ સાઠ હજાર ખેડૂતોને આવી પડેલી જમીન અને ફસલની બરબાદી સામે, ૨૨૧ બ્રીજ રમકડાના હોય તે રીતે તૂટી પડ્યા હોય તેવી હોનારત સામે આટલું ભગીરથ કાર્ય પણ છે તો એક ઝરણાં જેવું જ, પણ તબાહીના ભયાનક અંધારામાં સેવાભારતીની ૮૫૦૦૦ ક્રાંતિ મશાલોનાં શાંત અજવાળાંને કોઈ પણ અભ્યાસુ સામાન્ય ગણવાની હિંમત કરી શકે તેમ નથી !

આર્મી સાથે ખભે ખભા મિલાવીને થાક્યા વિના, રાહત કેન્દ્રોમાં ફરજ બજાવતા આ યુવાનો ખરા અર્થમાં સમરસ ભારતના નિર્માતાઓ છે ! કોઈ માને કે ન માને પણ ટાણાની આ સેવા ત્યાંના સ્થાનિક રાજકારણની દિશા અને પ્રજાની માનસિકતા બદલવામાં સો ટકા ચમત્કાર સર્જશે ! કોઈ માને કે ન માને સેવાભારતીની આ સેવાઓ ત્યાંની પ્રજાની રૂખ ભાજપ તરફ એંશી ડીગ્રી ફેરવશે અને બાકીની ૧૦૦ ડીગ્રીને ફરી જતા બહુ વાર નહિ લાગે.

ક્યાંક ક્યાંક દક્ષિણ ભારતના વિસ્તારોમાં વાઇરલ થઈ રહેલી તસવીરો જો જો. આ યુવાનોના સેવા કરતા ફોટાઓની બાજુમાં લોકોએ રાહુલ અને શશી થરૂરના ફોટા ઇન્સેટ કર્યા છે અને નીચે બહુ વેધક રીતે લખેલું જોવા મળે છે કે, કોંગ્રેસ કી સચ્ચાઈ ! બાઢ કે ઈન હાલતોં મેં ફિલહાલ ચર્ચ, એનજીઓ, લેફ્ટ, પીએફઆઈ, રાહુલ ઔર શશી થરુર સબ કી છુટ્ટી પર હૈ... અને પછી નીચે લખે છે : જૈસે હી હાલાત સામાન્ય હોંગે, યે સારે વાપસ લૌટ આયેંગે અપને અપને પ્રોપગેન્ડા ચલાને કે લિયે !

હા, પ્રજા છે આ બધું જાણે છે, સમજે છે અને સેવાભારતીના યુવાનોને આવકારીને જાણે ખોવાયેલી ભારતીયતાને જાણે આશ્લેષમાં લઈ રહ્યા છે. જ્યારે અન્ય સંસ્થાઓને જણાવા લાગે છે કે હાલાત સામાન્ય થઈ રહ્યા છે, ત્યારે જ ખરું કામ બાકી હોય છે... અને તે છે ફરી જીવન ધબકતું કરવાનું ! પુનર્વસનનું ! સેવાભારતી અત્યારથી જ સૌથી મહત્ત્વનાં આયોજનો હાથ ધરવાની યોજના બનાવી ચૂકી છે, અને તે છે જીવતા રહી ગયેલા નિરાધાર પૂરપીડિતોના પુનર્વાસનું !

કિચડથી ભરેલાં ઘરોમાંથી મૃતદેહો કે મૃત પશુઓને કાઢવાનું કપરું કામ હજુ માંડ પૂર્ણ કર્યું છે. પણ હવે જે મારવા વાંકે જીવે છે, તેવા લોકોને લાઇટ વિના, બિસ્માર રોડ રસ્તે ઘર-ઘર સુધી જરૂરી સામગ્રી પહોંચાડવાનો એમનો યજ્ઞ ચાલુ છે... ત્યાં એમની આંખોમાં ખ્રિસ્તી કે મુસ્લિમના ભેદ નથી, હિંદુ કે બૌદ્ધમાં અંતર નથી... અને આથી તેઓ કેરલવાસીઓના દેવદૂત બની રહ્યા છે... દેશના સૈનિકોને તો સો-સો સલામ છે જ, પણ ઘરબારથી દૂર, રોગિષ્ટ વાતાવરણને પણ ન ગણકારીને, દેશની આફતમાં પોતાની ફરજ માનનાર, વિના સ્વાર્થે સેવામય બની જનાર આ સમર્પિતોને જોઈને પણ રાહુલની આંખો ન સુધારવાની હોય, તો એ તેમને મુબારક ! પણ અમને તો એ યુવાનોને પ્રણામ કરતા આ જ પંક્તિ યાદ આવે છે

जो भर गए है भावों से,
जिसमें बहती रसधार अहो ।
वह दिल नहीं फूल है यारों,
जिसमें सबसे प्यार अहो ।।

hdvpragyan@gmail.com
Mob. 9998486090

## કોઈના શ્વાસ ના રુંધાય તે માટે મિત્રોએ ખોલ્યું ઓક્સિજન સેન્ટર

**છેલ્લા ચાર વર્ષથી ઊંઝા શહેરના ૧૮ યુવાનોની સારવાર વેપાર-ધંધાની સાથે કોઈના જીવનમાં પ્રાણ પુરવાની ચિંતા સાથે થાય છે. શ્વાસની બીમારીથી પીડાતા જીગરજાન મિત્રના ભાઈને કૃત્રિમ ઑક્સિજન અપાવવા વેઠવી પડેલી મુશ્કેલી અને આર્થિક ચિંતા નજરોનજર જોયા બાદ આ યુવાગૃપનું હૃદય રીતસર દ્રવી ઊઠ્યું અને સંકલ્પ કર્યો કે, આજ પછી મિત્રના ભાઈની જેમ કોઈનીય જિંદગીનો શ્વાસ રુંધાવો ના જોઈએ. મિત્રોએ પરિશ્રમ ગ્રુપના નામે શરૂ કર્યું ઓક્સિજન સેન્ટર. આજે સમગ્ર ઉત્તર ગુજરાતમાં કોઈનેય કૃત્રિમ ઓક્સિજનની જરૂર પડે તો આ ગ્રુપ વિનામૂલ્યે પૂરો પાડે છે.**

**ઊંઝાના કમલેશને શ્વાસની તકલીફથી મોત થયું હતું. આથી તેમના મિત્રો સહિત એપીએમસી ચેરમેન ગૌરાંગભાઈ પટેલે પાંચ ઓક્સિજન મશીનનું દાન આપીને. આ સેવા શરૂ કરી. આજે ૨૮ ઓક્સિજન મશીન છે.**



# સેવા ચરિત્ર

## ચલે નિરંતર સાધના : કાત્રે ગુરુજી

કુષ્ઠ રોગની કલ્પનાથી જ મનમાં કંપારી છૂટે. ગળી ગયેલા હાથ પગ, ઘામાંથી ઝરતું પરુ, આજુબાજુ બણબણતી માખીઓ સમાજથી તિરસ્કૃત અને ઘૃણાપાત્ર નરકનું જીવન જીવન જીવતા રોગી. આજથી પચાસેક વર્ષ પહેલા જયારે આ બધાને પોતાના સ્વજનોએ તેમને અભિશાપ સમજી ત્યાગી દેતા હતા, ત્યારે કોઇએ તમના પર સ્નેહની વર્ષા વરસાવી તેમના બધા દુઃખ દર્દ પોતાનામાં સમેટી લીધા. તેમાં ઘા પર આત્મીયતાનો લેપ લગાવી તેમને સક્ષમ અને સમર્થ બનાવી સ્વાભિમાનની સાથે જીવવાની રાહ બતાવી. પોતે પણ કુષ્ઠ રોગી હોવા છતાં ચાપા (મધ્યપ્રદેશ)માં સૌથી મોટા લેપ્રસી સેન્ટરનો પાયો નાખનાર સદાશિવ ગોવિંદરાવ કાત્રેને સંઘમાં આપણે બધા કાત્રે ગુરુજી નામથી ઓળખીએ છીએ. પોતાના વાંકાચુંકા હાથપગથી કલાકો સુધી સાયકલ ચલાવી ગામ ગામ રખડી કુષ્ઠ રોગીઓ માટે એક મુટ્ઠી અનાજ ભેગું કરી તેમને સેવાકાર્ય ચાલુ કર્યું. ગોલવલકર ગુરુજીની પ્રેરણાથી એક અશિક્ષિત કુષ્ઠ રોગીનું જીવન એવું સેવાદીપ થઇ ગયું તેના પ્રકાશમાં આવતી અને પેઢીઓ ઝગમગ પ્રકાશશે. આજે ચાપાનું આ કુષ્ઠનિવારણ સંઘ કુષ્ઠ રોગીઓનું સ્વર્ગ કહેવાય છે, જયાં કુષ્ઠ રોગીઓને સારવારની સાથે આત્મીયસ્નેહ અને સંસ્કાર યુક્ત વાતાવરણ મળે છે. મીણબત્તી બનાવવી, શેતરંજી વણવી, દોરડું વણવું, ચોક બનાવવો વગેરે કામો કરી સ્વાભિમાની જીવન જીવે છે. આ ૩૦૦ રોગીઓના બાળકોના શિક્ષણ માટે અહી સુશીલ વિદ્યાલય અને છાત્રાલય પણ છે.

મધ્યપ્રદેશના ગુના જીલ્લાના અરોન કસબામાં રહેતા ગોવિંદ કાત્રે અને રાધાબાઇની સંતાન સદાશિવ ત્રણ બહેનો વચ્ચે એક જ ભાઈ હતા. માત્ર આઠ વર્ષની ઉંમરે પિતાજીના દેહાવસાન બાદ સદાશિવનું સંપૂર્ણ જીવન સંઘર્ષમાં પસાર થયું. માધ્યમિક શિક્ષણ પછી રેલ્વેમાં નોકરી કરતા કરતા સંઘ સાથે જોડાયા અને ૧૯૪૮માં સંઘ પરના પ્રતિબંધ દરમ્યાન છ મહિના જેલવાસ પણ કર્યો. જીવનમાં અનેક કઠીન ક્સોટીઓ પણ આવી. પત્ની બાયોતાઈ નાની ઉંમરમાં જ છોડીને સ્વધામમાં ગયા, બહેને પણ થાપણમાં મુકેલા ઘરેણા



અને સંપત્તિ તેમને ન આપ્યા.

કુષ્ઠથી શરીર જર્જર થઇ ગયું હતું. પાસે ન તો ધન હતું કે ન કોઇ સ્વજન. જે મિશનરીની હોસ્પીટલમાં પોતાની સારવાર ચાલતી હતી ત્યાં સેવાની આડમાં ચાલી રહેલી ધર્માંતરણની પ્રવૃત્તિનો વિરોધ કરવાને કારણે ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યા. જયારે બધા રસ્તાઓ બંધ થઇ ગયા ત્યારે તેમની મુલાકાત પૂ. ગુરુજીથી થઇ અને તેમની જ પ્રેરણાથી પોતાની જેમ સ્વજનોથી બહિષ્કૃત અને જીવતા નરકની યાતનાઓ ભોગવી રહેલા રોગીઓનું જીવન સુધારવાનો સંકલ્પ લીધો.

સૌંઠી પાસે ધોગરા નાળા કુષ્ઠ વસ્તીની નાની ઝુંપડપટ્ટીમાં બે રોગીઓની મલમપટ્ટી અને તેમના માટે ભોજન વ્યવસ્થાથી કાત્રેજીએ પોતાનું કાર્ય શરુ કર્યું. પોતાના પગમાં ઘા હોવાના કારણે પગપાળા ચાલવું શક્ય ન હોવાના કારણે ૬૦ વર્ષની ઉંમરે સાયકલ ચલાવવાનું શીખ્યા. ચબુતરાનો સહારો લઇ સાયકલ પર ચઢી નજીકના અફરી, લર્ખુરી, બીર્રા, જેવા ગામોમાં ૨૦-૨૦ કિલોમીટર સાયકલ ચલાવી રોગીઓ માટે અન્ન એકત્ર કરી પાછા આવી પોતે ભોજન બનાવી તેમને ખવડાવતા અને તેમની સારવાર પણ કરતા. ક્યારેક તો જ્યાં પણ જતા તેમને અપમાન અને ઘૃણા જ મળતા. એક પવાલું પાણી પણ ન મળતું. પરંતુ તેમણે હાર ન માની. રોગીઓની સંખ્યા વધી, તો તેમના પ્રયાસોમાં કેટલા સહયોગીઓ પણ જોડાયા.

ચાપામાં જયારે આશ્રમ માટે જમીન



પોતાના પગમાં ઘા હોવાના કારણે પગપાળા ચાલવું શક્ય ન હોવાના કારણે ૬૦ વર્ષની ઉંમરે સાયકલ ચલાવવાનું શીખ્યા. ચબુતરાનો સહારો લઇ સાયકલ પર ચઢી નજીકના અફરી, લર્ખુરી, બીર્રા, જેવા ગામોમાં ૨૦–૨૦ કિલોમીટર સાયકલ ચલાવી રોગીઓ માટે અન્ન એકત્ર કરી પાછા આવી પોતે ભોજન બનાવી તેમને ખવડાવતા અને તેમની સારવાર પણ કરતા

દાનમાં મળી તો રેલ્વેની નોકરી છોડતા મળેલા પૈસાથી તેમણે ત્યાં ચાર ઓરડા બનાવ્યા. ધીરે ધીરે આશ્રમમાં આવાસ અને નાનકડી ગોશાળા પણ તૈયાર થઇ ગઇ. આજે ૮૫ એકર જમીનમાં સ્થિત ભારતીય કુષ્ઠ નિવારક સંઘ ચાપામાં ૩૦૦થી વધુ રોગીઓ રહે છે, કેન્દ્રીય ખેતી કરીને સ્વાભિમાનથી રહે છે. આ એક એવો આત્મનિર્ભર સેવાપ્રકલ્પ છે કે જ્યાં ૧૫૦ ગોબરગેસ પ્લાન્ટ છે, અને ખેતી દ્વારા ૧૦૦૦જેટલી બોરી દાળ, ચોખા સાથે બધી આવશ્યક વસ્તુઓ પેદા કરવામાં આવે છે. સિંચાઇ પણ પરિસરમાં આવેલા માધવ તળાવથી કરવામાં આવે છે. આજે કાત્રેજી નથી પરંતુ પરિસરમાં તેમની પ્રતિમા સૌને પ્રેરણા આપે છે. તેમની પ્રતિમાને વંદન કરી ત્યાંના મુખ્ય વ્યવસ્થાપક શ્રી દામોદર બાપટજી એ કહ્યું કે જે પિતાની એકમાત્ર પુત્રીને સાસરે અપમાનિત કરી કાઢી મૂકવામાં આવી હતી તેવા વંદનીય કાત્રે ગુરુજીએ સેંકડો રોગીઓના સન્માનની રક્ષા માટે અને તેમનું જીવન જીવવા યોગ્ય થાય તે માટે પૂર્ણ જીવન લગાવી દીધું. આજે કાત્રેજીએ ચાપામાં પ્રગટાવેલ સેવાની મશાલ કેટલાંય અંધકારમય જીવનોમાં પ્રકાશ ભરી દે છે.

(www.sewagatha.orgના સમર્પિત જીવનમાંથી)

# કોઈક તો ખરીદશે, જેને કેમિકલવાળી શાકભાજીથી નફરત હશે

## શ્રી રામકૃષ્ણ ફિલ્મ દ્વારા સજીવ ખેતી પર બનાવેલી 'જાગ્યા ત્યારથી સવાર' ફિલ્મ વિશે થોડું જાણીએ




૨૮મી સપ્ટેમ્બરે ગુજરાત અને મુંબઈમાં મહત્વાકાંક્ષી ફિલ્મ રીલીઝ થઈ. એક સમય હતો જ્યારે સમાજજીવનના પાયાના વિષયો જેવા કે, ખેતી, પશુપાલન જેવા મુદ્દાને લઈને હિન્દીમાં ફિલ્મો બનતી હતી. કાળક્રમે આ મુદ્દાનું મહત્ત્વ ઘટતું ગયું ભૌતિકતાવાદી દૃષ્ટિને લીધે પાયાના મુદ્દા અને પર્યાવરણ તરફની વાતો ફિલ્મોમાં ભૂતકાળ બની ગઈ.

પરંતુ આજે ખેતી એક અડીખમ વ્યવસાય છે. એક દાણો વાવો અને હજાર દાણા મળે તેવો સમૃદ્ધ વ્યવસાય છે. રાસાયણિક પદ્ધતિથી ખેતી થતાં જમીન નબળી પડી ગઈ અને તેના લીધે ખેડૂતોનો ખર્ચ વધી ગયો અને નફો ઘટી ગયો જેથી ખેતીનું મહત્ત્વ પણ ઘટતું ગયું. એટલું જ નહીં ઝેરી રસાયણોની અસર માનવોના સ્વાસ્થ્ય પર પડી આજે ઘેરઘેર કેન્સર, ડાયાબીટીસ જેવા રોગો સામાન્ય થઈ ગયા છે. અન્ન એ એક ઔષધ હતું તે ઝેર બની ગયું, નિરોગીતાનું વરદાન આપનારું અન્ન શાપ આપનારું થઈ ગયું છે ત્યારે આ સમાજના મહત્ત્વના મુદ્દાઓને ધ્યાનમાં લઈ લોકોને ફિલ્મ (મનોરંજન) દ્વારા જાગૃત કરી શકાય તેવા હેતુથી માધાપરના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના શ્રીરામકૃષ્ણ ફિલ્મસ પ્રોડક્શન હેઠળ સજીવ ખેતી આજના સમયમાં કેટલી ઉપયોગી છે તે સમજાવવા માટે આ ફિલ્મ બનાવાઈ છે. જેનું નામ છે 'જાગ્યા ત્યારથી વસાર'. આ ફિલ્મ તા. ૨૮મી શુક્રવારે ગુજરાતમાં રીલીઝ થઈ. જેમાં નાટકીય ઢબે આ વિષય વૈચારિક અને વ્યવહારીક રીતે ખેડૂતો, ગ્રાહકો સુધી પહોંચે અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં આ વિષયો પુનઃસ્થાન પામે તેવા ઉદ્દેશથી આ પ્રયાસ કરાયો છે.

> ***'કોઈ તો ખરીદશે, જેને કેમિકલવાળી શાકભાજીથી નફરત હશે',***
>
> ***'જેની માટી બિમાર, તેના પાક બિમાર',***
>
> ***'ગાય માત્ર દૂધ નથી આપતી તે સમગ્ર ખેતીનો આધારસ્તંભ છે',***
>
> ***'મને નથી લાગતું કે જમવાની થાળીમાં હવે કોઈ રસ કસ કે સત્વ રહી જશે.'***

આ ફિલ્મનું શૂટિંગ કુકમા અને માધાપરમાં જ કરાયું છે જેમાં મોટાભાગના કલાકારો કચ્છના જ છે. મહેશભાઈ સોલંકી અને મનોજભાઈ સોલંકીએ આપેલાં વિચારબીજ પરથી સુનિલભાઈ માંકડ અને દીપ ધોળકિયાએ વાર્તા લખી છે, યુવા ડાયરેક્ટરનો એવોર્ડ જીતી ચુકેલા અનુભવી એવા સન્નીકુમાર પરીખનું નિદર્શન છે. તેઓ અત્યાર સુધી બે ગુજરાતી અને એક હિન્દી ફિલ્મમાં ડાયરેક્શન આપી ચૂક્યા છે. અત્યંત આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી બનેલી આ ફિલ્મ લોકોને જકડી રાખશે તેમાં શંકા નથી.

આ ફિલ્મની કથામાં સમાજના ખેતીને, આરોગ્યને, પર્યાવરણને લગતા પ્રમુખ પ્રશ્નોને ધ્યાનમાં રાખી તેના ઉપાયો તરફ નિર્દેશ છે. માત્ર પ્રશ્ન જ નહીં પણ સમાધાન આપવાનો ન્યાયપૂર્ણ પ્રયાસ કરાયો છે. જેમાં પાણીનો ટપકથી ઉપયોગ થાય. ખેતી ખેડૂતને પોષાતી નથી, ખર્ચ વધ્યો છે તેની સામે ઓછા ખર્ચે કુદરતી સંસાધનની મદદથી ખાતર દવાનો ખર્ચ ઘટાડી શકાય છે. યુવાનો ખેતી છોડી રહ્યા છે તેની સામે ભણેલો યુવાન ખેતીને પોતાનો વ્યવસાય બનાવે છે. યુવાનોને નોકરીને બદલે રોજગારીલક્ષી દિશા આપે છે. તે જ રીતે ગાયનું મહત્વ પણ સમજાવાયું છે. ખેડૂતને ખાતર, દવા બનાવવાની પ્રેક્ટીકલ ફોર્મ્યુલા પણ જોવા મળે છે. ઝેર વગરની ખેતી એટલે કે ઓર્ગેનિક ખેતી અને કેમિકલ ખેતી વચ્ચે તફાવત શું છે કેમિકલ ખેતીની અસર ખેડૂતના સ્વાસ્થ્ય અને ગ્રાહકના સ્વાસ્થ્ય પર કઈ રીતે પડે છે તે પ્રત્યક્ષ દૃષ્ટાંતથી સમજાવાયું છે. પૈસાના લોભમાં આ વાત ન સમજનાર સરપંચ (વિલન)ના પરિવારમાં જ આવી ઘટના બને છે. ત્યારબાદ તે આ વાત સ્વીકારે છે તે જ રીતે ખેડૂતોનો આજે જે સૌથી મોટો પ્રશ્ન છે માર્કેટીંગનો તે મુદ્દાને પણ અહીં સરકાર દ્વારા કોઈ રીતે સહાયભૂત થવા માટે અંગુલી નિર્દેશ કરવામાં આવ્યો છે. આમ આ ફિલ્મમાં મનોરંજન, રોમાન્સની સાથે સંઘર્ષ, સંવાદ સાથે સમાજની વાત મુકવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે. પરંતુ શિક્ષિત એવા આ યુવાનના મનમાં કંઈક અલગ જ વિચાર હોય છે. તેને શહેરથી આવેલી યુવતિ (હિરોઈન), ગામના શિક્ષકનો સહકાર મળે છે. તેઓ સાથે મળીને ખેતીમાં વ્યાપેલી નિરાશા દૂર કરવા મથે છે ખાતરો કઈ રીતે બને, જંતુરોધકો કઈ રીતે બને તેનું સરળ ફિલ્માંકન કરાયું છે. અંતમાં આખું ગામ સજીવ ખેતીને સમજે છે. ગાય આધારિત ખેતી કરીને સમૃદ્ધ બને છે. તેવો આ ફિલ્મનો સાર છે. આ ફિલ્મ માત્ર મનોરંજનના હેતુથી નથી બનાવાઈ પરંતુ એક ખેડૂતને ખેતી વિશેની સમજ મળે છે તો એક સામાન્ય વ્યક્તિને સ્વાસ્થ્યપ્રદ અને શુદ્ધ આહાર કઈ રીતે મળે તેની જાણકારી આ ફિલ્મમાંથી મળી રહે છે.

*'કોઈ તો ખરીદશે, જેને કેમિકલ વાળી શાકભાજીથી નફરત હશે',*

*'જેની માટી બિમાર, તેના પાક બિમાર',*

*'ગાય માત્ર દૂધ નથી આપતી તે સમગ્ર ખેતીનો આધારસ્તંભ છે',*

*'મને નથી લાગતું કે જમવાની થાળીમાં હવે કોઈ રસ કસ કે સત્વ રહી જશે.'*

ફિલ્મના ડાયલોગ્સ આજની સ્થિતિ અંગે ઘણું કહી જાય છે.

ભણેલો યુવાન અને ખેતી કરતા પિતાનો રસપ્રદ વાર્તાલાપ, ઘમંડી સરપંચ અને સજીવ ખેતી સમજેલા યુવાન વચ્ચેની ટક્કર, સજીવ ખેતીને તેનાં લક્ષ્ય સુધી પહોંચાડવા મથી રહેલાં બે પ્રેમીઓની સફર, ખેતી કરતા પરિવારમાં થતી મીઠી નોકઝોક, ગામના શિક્ષકની લાચારી સામે યુવાનને સજીવ ખેતી કરવાનો મક્કમ નિર્ધાર આ બધું ફિલ્મને ખરેખર જોવા અને સમજવા લાયક બનાવે છે. ફિલ્મમાં શ્રી મહેશભાઈ સોલંકી 'બેનામી' લિખિત ગીતો ચાર ચાંદ લગાવી જાય છે. દરેક કલાકારોએ પોતાનો જીવ અભિનયમાં રેડી દીધો છે.

હિરોની ભૂમિકામાં રાજવીર તરીકે રાઘે વરૂએ ગંભીરતાની સાથે રોમાન્સને ન્યાય આપવાનો ઉત્તમ પ્રયાસ કર્યો છે. તો વિલનની ભૂમિકામાં કચ્છના નાટક જગતમાં જેમના આખાય પરિવારનું નામ છે તેવા પ્રકાશ શુક્લએ જમાવટ કરી છે. પ્રભાવશાળી અવાજ અને આગવી છટાથી તેમણે વિલનના પાત્રને ન્યાય આપ્યો છે. અન્ય કલાકારો હીરોઈન તરીકે કંવલજીત ટેક, શિક્ષકની ભૂમિકામાં દેવેન્દ્ર પંડિત, પિતાની ભૂમિકામાં અંજારના અરવિંદ કારિયા, નરેન્દ્ર નાથબાવા, રફીક લોહાર તેમજ અન્ય કલાકારોએ સારી ભૂમિકા ભજવી છે. ગુજરાતના પ્રત્યેક નાગરિકે આ ફિલ્મ અચૂક જોવા જેવી છે.

ભુજ, ગાંધીધામ, અંજાર, મોરબી, રાજકોટ, જેતપુર, જુનાગઢ, ભાવનગર, પાલીતાણા, અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, સુરત, નવસારી, ડીસા, પાલનપુર, મહેસાણા, વીસનગર, પાટણ, મોડાસા, કપડવંજ, સાણંદ, પ્રાંતિજ, પેટલાદ, ખંભાત, કલોલ વગેરે શહેરોમાં તા. ૨૮મી શુક્રવારના રીલીઝ થઈ. ખેતી પર બનેલી આ સંભવતઃ પ્રથમ ગુજરાતી ફિલ્મ છે. લોકો તેને સહર્ષ આવકારી લે તે સમયની માંગ છે. જો ફિલ્મ સફળ રહી તો આવા વિષયો પર આગામી સમયમાં ફિલ્મો આપવાની નેમ શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટ શ્રી મનોજભાઈ સોલંકીએ વ્યક્ત કરી છે.

**(જયકચ્છ પત્રિકામાંથી સંકલિત)**



# સેવા ધર્મો પરમ ગહનો...
## માનવતાનું મહાકાર્ય...
# દશરથ માંઝી


ગણેશભાઈ કા. પટેલ, પૂર્વતંત્રી, 'ધરતી'

સંત પુનિત મહારાજના શબ્દોથી આ લેખની શરૂઆત કરું છું. એમના શબ્દો છે : 'આ જગમાં કરવા જેવા બે કામ : એક - કરવી તો જનસેવા કરવી ને, બીજું - લેવું તો હરિનું નામ.'

'સેવા' શબ્દને વિશાળ અને વ્યાપક અર્થમાં લેવાનો છે. સમગ્ર સમષ્ટિનો એમાં સમાવેશ થાય છે. સજીવ-નિર્જીવ એમ સમગ્ર સૃષ્ટિ એમાં આવી જાય. એક નાનકડો છોડ જે પોતાના અસ્તિત્વ માટે ઝઝૂમી રહ્યો છે તે સજીવ છે પણ તેને રક્ષણ પૂરું પાડતું પાંજરું એ ભલે નિર્જીવ રહ્યું પણ તેના વિના પેલા છોડવાનું અસ્તિત્વ જોખમમાં આવી પડે છે. આમ નિર્જીવ પાંજરાની-વાડની સેવા નગણ્ય નથી. પેલો છોડવો અને પાંજરું એ બંને એકબીજાનો આધાર છે. એકબીજાના પૂરક છે. આમ સેવા શબ્દની અર્થછાયા વ્યાપક, ગહન, વિસ્તૃત અને વળી વૈશ્વિક છે. એની સાથે કોઈ સાંકડી મનોવૃત્તિ જોડાયેલી નથી. સમગ્ર વિશ્વ એક ધબકતો તેજપુંજ છે. એમાં પ્રાણીઓ, પક્ષીઓ, માનવો, જીવજંતુઓ, વૃક્ષો, વનસ્પતિ, પર્વતો, નદીઓ, આકાશ, તારા, સૂર્ય, ચંદ્ર એમ બધું આવી જાય. સેવાનો વિસ્તાર સમગ્ર વિશ્વ છે. દુનિયાના કોઈ પણ છેડે બનતી દુર્ઘટના આપણને હચમચાવી મૂકે છે. લાગણી અને સંવેદનાને કોઈ સીમાડા નડતા નથી. એની આડે ચીનની દીવાલ જેવી દીવાલો ખડકો તો પણ પેલી સંવેદના, દુઃખના ભાવને કે લાગણીઓને રોકી શકે નહીં. પછી આ સંવેદનાઓમાંથી સેવાની સરવાણી શરૂ થાય છે જે છેક પેલા દુર્ઘટનાગ્રસ્ત સ્થળ અને દુર્ઘટનાનો શિકાર (ભોગ) બનેલા પેલા માનવબંધુઓ અને પ્રાણીઓ-પક્ષીઓ સુધી રોકેટ ગતિએ પહોંચી જાય છે. આમ સેવાને સ્થળ-કાળની કોઈ મર્યાદા નડતી નથી. સેવામાં જો કોઈ જ્ઞાતિ, જાતિ કે પ્રદેશનો સંકુચિત ભાવ દાખલ થઈ જાય તો એ સેવા પ્રદૂષિત ગણાય. સેવા સાર્વત્રિક છે, વળી સ્થળકાળથી પર છે.

સેવા અનેક પ્રકારની હોઈ શકે. શ્રમસેવા, વિદ્યાસેવા, દુઃખીજનોની સેવા, દેશસેવા, સમય અને ધન સેવા (દાન). સેવા કદી અલ્પજીવી ન હોઈ શકે, એ તો છે દીર્ઘજીવી, આપણી પાસે જે પ્રકારની શક્તિ હોય તે પ્રકારની સેવા કરી શકાય. સેવામાં માનપાનની કોઈ અપેક્ષા ન રખાય.

સેવાની જનેતા કરુણા છે. કરુણાનું ઝરણું સતત વહ્યા કરે છે અને એ કરુણામાંથી જે સેવાની ગંગોત્રી નીકળતી હોય છે. સ્વાર્પણ વિના સેવા થઈ શકે નહી, સ્વાર્પણથી ('સ્વ'નો છેદ ઉડાડી દેવાનો) સેવામાં તેજ પ્રગટ થાય છે. સેવા કોઈ પણ ક્ષેત્રની થઈ શકે. હાલ રાજેન્દ્રનગર ચોકડી, હિંમતનગર, શામળાજી રોડ, સાબરકાંઠામાં આવેલા રક્તપિત્તિઆઓના આશ્રમમાં (સહયોગ કુષ્ઠ રોગ યજ્ઞ) પલાંઠી વાળીને દીનદુખિયાઓની સેવા કરતા પ્રો. સુરેશભાઈ સોની અને સન્નારી ઇન્દિરાબેનને જુઓ-મળો તો સફેદ



કપડાંમાં પણ સાધુપુરુષ-સાધ્વી કેવાં હોઈ શકે એનો ખ્યાલ આવે. કોઈ તીર્થયાત્રાએ જવા કરતાં આ દુનિયામાં આંટો મારશો અને હાથ લંબાવશો તો વધારે પુણ્ય મળશે. આનું નામ સેવા; આને સેવાયજ્ઞ કહેવાય. આપણા ધાર્મિક યજ્ઞોમાં થતો ધૂમાડો (રૂપિયાનો) બંધ કરી ગરીબી હટાવો માટે યોજાતા આવા સાચા યજ્ઞોનું આયોજન થવું જોઈએ એને જ સેવાયજ્ઞ ગણાય.

રવિશંકર મહારાજ અને મહાત્મા ગાંધી જેવાઓની પાયાની સેવાઓ કોણ નથી જાણતું મહારાજ તો ખુલ્લા-ઉઘાડા પગે માઈલો સુધી ચાલીને, સાદી ખીચડી ખાઈને ચોરટાઓ વચ્ચે બેસીને તેમને વ્યસનમુક્ત કરતા. સુણસર (તા. ચાણસ્મા) જેવા ગામે મહારાજ રાત્રિનિવાસ કરતા અને પ્રેમથી ચોરી-દારૂ-ગાંજો વગેરેની બૂરી આદતમાં ગળાડૂબ લોકોને સ્નેહના સ્પર્શથી નવી દિશા-નવું જીવન આપતા. શું આ સેવા નથી ? મહાત્મા ગાંધી જેવો સેવક તો દેશને મળ્યો છે કે મળસે. પરાશર મુનિ કે જે રક્તપિત્તના દર્દી હતા તેમના દૂઝતા ઘાવ મહાત્મા સાફ કરતા હતા.

જે પોતાને માટે જીવે છે તે સાચું જીવતા નથી. બીજાને માટે તમે જીવો તો જ સાચું જીવ્યા ગણાય. આના સમર્થનમાં એક નાનકડો કિસ્સો ટાંકુ તો અસ્થાને નહીં ગણાય. કોરી કર્મઠતા કે ધાર્મિકતા (કરુણા-દયા વિનાની) બન્ને નકામાં. કરુણાનો સથવારો હોય તો જ સેવા દીપી ઊઠે.

એક યુવાન નદીમાં ડૂબી રહ્યો હતો. એણે જોરથી ઘાંટો પાડ્યો : 'બચાવો, બચાવો'એ એનો આખરી ઘાંટો હતો. કિનારા પર ફરવા નીકળેલા એક અજાણ્યા, બૂઝૂર્ગે, નદીમાં ઝંપલાવ્યું અને યુવાનને બચાવી લીધો, બચી ગયેલ યુવાને અજાણ્યા માણસને 'આભાર' કહ્યું. પેલા અજાણ્યા માણસે પૂછ્યું, 'આભાર શા માટે ?' યુવાને જવાબ આપ્યો : 'મારું જીવન બચાવી લેવા માટે' એ અજાણ્યા માણસે પેલા યુવાનની આંખમાં આંખ પરોવીને કહ્યું, 'બેટા, તું ઘરડો થાય ત્યાં સુધીમાં સાબિત કરજે કે (એવું કામ કરી બતાવજે કે) તારી જિંદગી બચાવવા લાયક હતી.' આ પ્રસંગ સેવાનો સંદેશ આપે છે. સેવા વિના મેવા નથી. સેવામંત્ર એક મહામંત્ર છે. એનાથી જ દુનિયામાં ભાતૃભાવ વધે છે. ભ્રાતૃભાવ ન હોય તો આપણે એક માળાના છૂટા છવાયા મણકા જેવા છીએ. માળા ન બને.

હવે સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ જુઓ. બિહારમાં ગયા (શહેરનું નામ) પાસે ગેહલૂર કરીને એક ગામ છે. ત્યાં દશરથ માંઝી કરીને એક સામાન્ય મજૂર માણસ રહે. હવે વાત એમ છે કે એના ગામ ગેહલૂરથી બાજુના બઝીમરાંજ (૮૦ કિ.મી.) શહેરમાં જવું હોય તો વચ્ચે આવતા એક પહાડને કારણે કલાકો સુધી ચાલવું પડતું. પણ આ પહાડ (પર્વત) ખસેડવાનો રામાયણના આપણા રામભક્ત હનુમાન દાદા જોઈએ. પણ જંકફૂડના આ જમાનામાં એવા મર્દ મળે ક્યાંથી ? પણ અહો આશ્ચર્યમ્ ! આજે પણ દશરથ માંઝી (જન્મ વર્ષ ૧૯૩૪, અવસાન ૧૭ ઑગસ્ટ ૨૦૦૭) જેવા છોટે હનુમાન છે. તેમનાં પત્ની ફાલ્ગુની દેવી આ પહાડને કારણે ઍક્સિડન્ટ પર સમયસર ડૉક્ટરી સારવાર ન મળતાં અવસાન પામ્યાં. બસ જવાંમર્દ માંઝીએ

આ પહાડને ચીરીને રસ્તો બનાવવાની આકરી પ્રતિજ્ઞા લીધી. પ્રતિજ્ઞા માણસના માંહ્યલાને મજબૂત બનાવે છે. મહાત્મા ગાંધીની દાંડીકૂચ વખતની (૧૨ માર્ચ ૧૯૩૦) લીધેલી પ્રતિજ્ઞાને યાદ કરો : 'કૂતરા-બિલાડાના મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના પાછો નહીં ફરું.' આ પ્રતિજ્ઞાએ તો મહાત્માને 'સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ'થી સન્માનિત કર્યા.

દશરથ માંઝીને પણ બીજી કોઈ માદીકરી કે બેનભાઈને મરવું ન પડે તેવા ઊંચા આશય સાથે હાથમાં બે હથિયાર - ટાંકણું અને હથોડા લીધાં અને શરૂ કર્યું પહાને ચીરીને રસ્તો બનાવવાનું ભગીરથ કાર્ય. પોતાની બકરીઓ વેચીને આ સાધનો ખરીદ્યાં. તેમણે ૧૯૬૬થી ૧૯૮૮ સુધી સતત ૨૨ વર્ષ ટાંકણું હથોડી અને જાતને જોતરી દીધી અને પહાડને ચીરીને (પહાડ પણ આ જોઈને થરથર ધ્રૂજતો હશે પણ સેવાકાર્ય થતું હોવાને કારણે અંદરથી રાજીરાજી હશે.) ૩૬૦ ફૂટ લાંબુ, ૩૦ ફૂટ પહોળું અને ૨૫ ફૂટ ઊંડાઈવાળું બાકોરું (રસ્તો) પાડ્યો. ભાઈ માંઝીએ ૨૨ વર્ષ સુધી જનસેવાનું આ કાર્ય કર્યું. ૫૦મા વર્ષે શરૂ કરેલું આ મહાકાર્ય એમની ૭૨ વર્ષની ઉંમર સુધી ચાલ્યું. આજે તો દશરથ માંઝી આ દુનિયામાં નથી પણ પહાડને પરાજિત કરીને તેમણે કરેલ માનવતાનું મહાકાર્ય આજે જીવતું જાગતું હાજર છે. ભાઈ દશરથ માંઝીને તેમની ઉમદા અને અજોડ સેવા માટે સો સો પ્રણામ. લોકો એનું કામ જોઈને એને ગાંડો, ચક્રમ અને પાગલ કહેતા પણ એ આજે સેવાકાર્યથી અમર થઈ ગયો ! સેવા માટે તો એવું કહેવાયું છે કે 'સવા ધર્મો પરમ ગહનો (ઊંડો), યોગીનામ અપિ અગમ્ય' (સેવા ધર્મ યોગી પુરૂષોથી પણ ન સમજાય તેવો ઊંડો અને વ્યાપક છે.) બે અક્ષરનો બનેલો 'સેવા' શબ્દ ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. સેવા ભારતની રગેરગમાં છે. ભારતની જનતા તો 'વસુધૈવ કુટુંબકમ'ને વરેલી છે. આખું વિશ્વ તેના માટે એક કુટુંબ છે અને કોઈની પણ વ્યથા એ સૌની વ્યથા બની જાય છે. સેવા શબ્દ ભારતીય લોકોના લોહી અને સંસ્કારમાં છે. ભારત માટે સેવા એ પરમો ધર્મ છે. ધર્મમાં જ્યારે સેવા ભળે છે ત્યારે જ ધર્મ એ સાચો ધર્મ બને છે. ધર્મ એટલે મંદિર-મહાદેવ જવું એ નહીં, પણ સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના કલ્યાણ માટેના યજ્ઞકાર્યમાં જોડાવું તે છે. આપણે સૌ 'કલ્યાણ પથ'ના યાત્રી બનીએ એ જ આશા અપેક્ષા અને પ્રાર્થના.

ચાલો, સેવામહાવ્રતને આપણો જીવનમંત્ર બનાવીએ...

**(સ્ત્રીશક્તિ આરાધના ઓગસ્ટ,૨૦૧૮)**

## સેવાગીત

સમાજ હૈ આરાધ્ય હમારા, સેવા હૈ આરાધના
ભારતમાતા કે વૈભવકી સેવાવ્રત સે સાધના.... ધ્રુ

હમ સબ ભારતમાતા કે સુત આપસ મેં ભાઇ ભાઇ
ભ્રમ અજ્ઞાન સ્વાર્થ કે કારણ ભેદભાવ કી યહ ખાઇ
સેવાવ્રત સે આજ હમેં હૈ ઇસ ખાઇ કો પાટના
સમાજ હૈ આરાધ્ય હમારા, સેવા હૈ આરાધના.... ૧

સમાજ સે હી સંસ્કૃતિ કી યહ, શ્રેષ્ઠ ધરોહર હમેં મિલી
ધન સામર્થ્ય જ્ઞાન કી પૂંજી સમાજ સે હી હમેં મિલી
યહ સમાજ ઋણ પૂર્ણ ચુકાને જો પાયા સો બાંટના
સમાજ હૈ આરાધ્ય હમારા, સેવા હૈ આરાધના.... ૨

સમાન અવસર મિલે સભી કો કોઈ ભી ન ઉપેક્ષિત હો
સભી સ્વસ્થ શિક્ષિત સંસ્કારિત સમર્થ ઔર સુરક્ષિત હો
દયા નહિ ઉપકાર નહી યહ, અપનેપન કી ભાવના
સમાજ હૈ આરાધ્ય હમારા, સેવા હૈ આરાધના.... ૩

ભાષા પંથ જાતિ જો ભી હો અપને તો હૈ બંધુ સભી
ગ્રામ નગર વનવાસી ગિરીજન ભારતમાં કે પુત્ર સભી
પુત્રોં કે સુખ મેં હી તો હૈ માં કે સુખ કી ધારણા
સમાજ હૈ આરાધ્ય હમારા, સેવા હૈ આરાધના.... ૪

# સંકલ્પ ગુરૂકુલમ

**શ્રી ગિરીશ નાયડુ, વડોદરા મહાનગર સેવાપ્રમુખ,**
**મો. ૯૫૫૮૮૨૪૦૧૨**




રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાત પ્રાંત પ્રચારક શ્રી ચિંતનભાઇ ઉપાધ્યાયના સૂચન અને માર્ગદર્શન મુજબ સિવિલ સર્વિસ (UPSC) ની પરીક્ષાની તૈયારી કરવા માંગતા ગુજરાતના વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને શિક્ષણ મળે તે હેતુથી વિભાગ પ્રચારક શ્રી કૃણાલભાઇ રુપાપરા ની પ્રેરણાથી સંઘના કેટલાક સ્વયંસેવકોએ વડોદરામાં આ સંસ્થા શરૂ કરવાનો નિર્ધાર કરીને આ દિશામાં કાર્ય આરંભ કર્યું.

આ માટે વડોદરા વિભાગ સંપર્ક પ્રમુખ શ્રી પ્રદિપભાઇ અગ્રવાલ, વડોદરા વિભાગ કુટુંબ પ્રબોધન પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઇ દવે, વડોદરા મહાનગર સેવા પ્રમુખ શ્રી ગિરીશ નાયડુ, વડોદરા મહાનગરના ગુરુ ગોવિંદસિંહ વિસ્તાર સંપર્ક પ્રમુખ શ્રી વિરલભાઇ ચૌધરી તેમજ શ્રીમતિ આસ્માનીબેન સુર્વેની એક કાર્ય સમિતિ બનાવવામાં આવી જેને મહાનગર કાર્યવાહ અને સહ કાર્યવાહ નો સહયોગ પ્રાપ્ત થયો. પરિણામ સ્વરુપે ડો. હેડગેવાર જન્મ શતાબ્દી સેવા સમિતિ દ્વારા સંચાલિત સંકલ્પ ગુરુકુલમ નામની સંસ્થા સિંધરોટ - વડોદરા ખાતે શરૂ થઇ.

આ માટે ચેકમેટ સેક્યુરિટિ ના માલિક શ્રી વિક્રમભાઇ મહુરકર દ્વારા સંસ્થા માટે યોગ્ય વ્યવસ્થાવાળા મકાન સહિતની વિશાળ જગ્યા પ્રાપ્ત થઇ.

તા. ૨૯/૦૪/૨૦૧૮ ના રોજ સંસ્થાનું ઉદઘાટન થયું, જેમા વડોદરાના રાજમાતા અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ચાંસેલર શ્રીમતિ શુભાંગીનીરાજે ગાયકવાડ, શ્રી મનોજ શશીધરન - વડોદરા શહેર પોલિસ કમિશનર, શ્રી ત્રિભુવનભાઇ આર. કાબરા - સી. એમ. ડી. આર. આર. કેબલ ગ્રુપ, તેમજ શ્રી યશવંતભાઈ ચૌધરી - ગુજરાત પ્રાંત કાર્યવાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૦૬/૦૫/૨૦૧૮ ના રોજ રજીસ્ટ્રેશન કરાવેલા વિદ્યાર્થિઓના Awareness Cum Orientationનો કાર્યક્રમ થયો. જેમાં દિલ્હી સ્થિત સંકલ્પ સંસ્થા તરફથી શ્રી સંતોષજી તનેજા તેમજ શ્રી ગોરખજી પાટીલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકોના પ્રયત્નોથી શરૂ થયેલઆ સંસ્થા UPSCની પરીક્ષા આપવા માંગતા વિદ્યાર્થિઓને માર્ગદર્શન અને શિક્ષણ આપાવાનું કાર્ય ગત જુન મહિનાથી શરુ થયું. વિદ્યાર્થીઓની આ કોર્સની શિક્ષણ ફી તરીકે રૂ. ૩૫૦૦૦/- + GST આપવાના રહેશે.આર્થિક રીતે નબળા વિદ્યાર્થિઓને ફીમાં રાહત અથવા સંપૂર્ણ માફી અંગે પણ કાર્ય સમિતિ નિર્ણય કરશે.

બહાર ગામથી આવતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના બહાર ગામથી આવતા વિદ્યાર્થિઓ અને વિદ્યાર્થિનીઓ ના રહેઠાણ અને જમવાની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. આ સંસ્થા નીચે જણાવેલ સરનામે કાર્યરત છે.

સંકલ્પ ગુરુકુલમ
મહીવેલી રીસોર્ટ પાસે,
સિંધરોટ, વડોદરા- ૩૯૧૩૩૦

સંસ્થામાં હાલ પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. પ્રવેશ તેમજ અન્ય માહિતિ માટે સંપર્ક સુત્રઃ

૧. શ્રી ચંદ્રકાંતભાઇ દવે - ૯૮૨૫૯૫૬૦૯૨
૨. શ્રી ગિરીશ નાયડુ - ૯૫૫૮૮૨૪૦૧૨
૩. શ્રી વિરલ ચૌધરી - ૯૩૭૪૧૦૭૦૧૭




# શ્રી પુજિત રૂપાણી મેમેરિયલ ટ્રસ્ટનાં સેવા કાર્યો

શ્રી પુજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ ગુજરાતના વર્તમાન મુખ્યપ્રધાન મા. વિજયભાઈ અને અંજલીબેન રૂપાણી દ્વારા રાજકોટમાં ચલાવવામાં આવે છે. આ ટ્રસ્ટ અનેક સેવાકાર્યો કરે છે. આર્થિક અને સામાજિક રીતે પછાત સ્થિત ધરાવનારા બાળકોનો સર્વાંગી વિકાસ કરી તેમને સમાજમાં યોગ્ય અને સન્માનનીય સ્તાન પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો વિવિધ યોજનાો દ્વારા કરવામાં આવે છે.

આ ટ્રસ્ટની શરૂઆત ૧૨ જાન્યુઆરી ૧૯૯૫માં થઈ. શરૂઆતમાં કચરો વીણતાં ૬૦ બાળકોની શિક્ષા, સંસ્કાર અને તંદુરસ્તી માટેની યોજના કરવામાં આવી. આ યોજના અંતર્ગત ઘણાં બધાં બાળકોએ લાભ લીધો. આ એક યોજનાથી શરૂ થયેલ સેવાકાર્ય રૂપી છોડ અનેકવિધ યોજનાવાળું વટવૃક્ષ બની ગયેલ છે. આ વિવિધ સેવાકાર્યો સેવાવસતિનાં બાળકો માટે શિક્ષણ વ્યવસ્થાની વિવિધ યોજનાઓ ગમ્મત સાથે જ્ઞાન આપવા માટે બાળ સ્વપ્નરથ યોજના, ૮થી ૧૨માં અભ્યાસ કરતાં બાળકો માટે જ્ઞાન પ્રબોધિની યોજના, કલાક્ષેત્રે રસ-રુચિ ધરાવતા બાળકો માટે 'સપ્તસૂર વિદ્યાલય' રાજકોટનાં પછાત અને અંતરિયાળ વિસ્તારનાં બાળકો અને તેમના પરિવાર માટે મેડિકલ સેન્ટરની વ્યવસ્થા, અને બાલ સુરક્ષા નીધિ યોજના, બહેનો માટે સીવણ, ભરત-ગૂંથણ અને કમ્પ્યૂટરના વર્ગોની વ્યવસ્થા, કચરો વીણતી સ્ત્રીઓ માટે 'રાજ-દીપિકા' યોજના, બાળકોને કમ્પ્યૂટર અને ઈન્ફર્મેશન ટેક્નૉલૉજીનું જ્ઞાન મળી રહે તે માટે 'વિદ્યાદીપ' અને 'પરમદીપ' યોજના અને 'ચાઇલ્ડ હેલ્પલાઇન પ્રૉજેક્ટ' અંતર્ગત બાળમજૂરી કરતાં બાળકો, અનાથ બાળકો, ઘર-બાર વગરનાં બાળકોને સુરક્ષિત કરવાનું આવા અનેક સેવાકાર્યો આ ટ્રસ્ટ દ્વારા ચાલે છે.

પછાત અને અંતરિયાળ વિસ્તારમાં રહેતાં બાળકો જે ૬થી ૧૪ વર્ષનાં છે તેમને પ્રાથમિક શિક્ષણ તરફ અભિમુખ કરવા તેમને કાવ્યો, વાર્તાઓ ને રમત-ગમત દ્વારા શીખવવું, અભ્યાસની સાથે તેમની તંદુરસ્તીનું પણ ધ્યાન રાખવું, તેમને ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોની મુલાકાતે પણ લઈ જવાં અને તેમનાં શારીરિક અને માનસિક વિકાસ માટેની બધી જ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

બાળકો એ કુદરતની અણમોલ ભેટ છે. દરેક બાળકને આનંદપૂર્વકનું બાળપણ વિતાવવાનો હક છે. આ બાબતને ધ્યાનમાં લઈ આ ટ્રસ્ટે 'બાલ સ્વપ્ન રથ' નામની યોજના શરૂ કરી જેમાં બાળકોને વિવિધ રમકડાં દ્વારા ગમ્મત સાથે જ્ઞાન આપવાનો પ્રયાસ છે. રમતાંરમતાં સહજતાથી બાળકો શીખતા જાય છે. સાથે તેમનામાં સારી ટેવોનું નિર્માણ થાય છે. આ મોબાઈલ વાન દ્વારા તેમને મૅજિક શો, કાર્ટૂન ફિલ્મો, પપેટ શો વગેરે બતાવવામાં આવે છે. લગભગ ૩૫૦૦૦થી પણ વધુ બાળકોએ આ યોજનાનો લાભ લીધો છે.

ગરીબ પરિવારનાં તેજસ્વી બાળકોને ધોરણ ૮થી ૧૨ દરમ્યાન અભ્યાસની સુવિધા પ્રાપ્ત થાય એ માટે 'જ્ઞાન પ્રબોધિની' પ્રૉજેક્ટ શરૂ કરવામાં આવ્યો. આ યોજના અંતર્ગત બાળકોને અભ્યાસ સંબંધઈ બધી જ સગવડો આપવામાં આવે છે. આ બાળકોની તંદુરસ્તીની ચિંતા પણ ટ્રસ્ટ કરે છે. શારીરિક કૌશલ્યો વિકસે તેવી પ્રવૃત્તિ, જોવા લાયક સ્થલોની મુલાકાત, રમત-ગમત દ્વારા શારીરિક વિકાસ અને માનસિક વિકાસ થાય તેવાં ચર્ચા સત્રો દ્વારા આવાં બાળકોનો સર્વાંગી વિકાસ હાથ ધરાય છે. અત્યાર સુધીમાં ૬૬થી પણ વધુ તેજસ્વી બાળકોએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી સમાજમાં શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને ૧૭૮થી પણ વધુ બાળકો અલગ-અલગ ક્ષેત્રમાં પોતાની સેવા પ્રદાન કરી રહ્યાં છે. પૈસાને કારણે ગરીબ તેજસ્વી વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી બનાવવાની તક ન મળે અને તેનું જીવન અંધકારમય ન

થાય તેવા ઉમદા વિચાર સાથે આ સેવાકાર્યો ચાલે છે. આ બાળકોને દત્તક લેવામાં સમાજમાંથી પણ ઘણાં સ્વયંસેવક અને દાતા આગળ આવ્યા છે.

કલાક્ષેત્રે જેમને રસ–રુચિ હોય તેવાં બાળકો પોતાની કારકિર્દી બનાવી શકે તે માટે સંગીત અને નૃત્યની તાલીમ નજીવા દરે 'સમસુર સંગીત વિદ્યાલય' દ્વારા આપવામાં આવે છે. દર વર્ષે લગભગ ૧૦૦ બાળકો આ વિદ્યાલયનો લાભ લે છે. નિષ્ણાત કલાગુરુઓ દ્વારા તાલીમ આપવામાં આવે છે.

સેવા વસતિ, અંતરિયાળ વિસ્તાર કે જ્યાં મેડિકલ સેવા ઓછી પ્રાપ્ત થાય છે તેવાં સ્થળોએ મેડિકલ સેન્ટર નિષ્ણાત ડૉક્ટરો દ્વારા ચલાવવામાં આવે છે. દંત્યાંના લોકોને શ્રેષ્ઠતમ મેડિકલ સવલતો મળી રહે તે જોવાય છે. અત્યાર સુધીમાં ૫૫૦૦૦થી પણ વધુ દર્દીઓએ આ સેવાનો લાભ લીધો છે. આ કેન્દ્ર દ્વારા નિયમિત રૂપે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજવામાં આવે છે. બધિર વ્યક્તિને હિયરિંગ એઈડ (સાંભળવાનું મશીન) પણ નિઃશુલ્ક આપવામાં આવે છે. બાળ દર્દીઓ માટે 'ચિરંજીવી યોજના – બાલ સુરક્ષા નિધી યોજના' ચાલે છે. વર્ષની એક હજાર સુધીની દવા આપવામાં આવે છે. અત્યાર સુધી ૫૦૦ બાળકોએ લાભ લીધો છે. આ ટ્રસ્ટ દ્વારા બહેનોને રોજગારી મળે તે હેતુથી ભરત–ગૂંથણનાં વર્ગો ચલાવવામાં આવે છે. આ કૌશલ્ય મેળવ્યા પછી તેમને 'ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ' દ્વારા સિલાઈ મશીન ભેટમાં આપવામાં આવે છે. જેનાંથી તે બહેનો પોતાના કુટુંબને આર્થિક મદદ કરી શકે. આ સાથે વર્તમાન યુગની સાથે તાલ મિલાવવા કમ્પ્યુટર શિક્ષણ પણ આપવામાં આવે છે. આ તાલીમ મેળવ્યા પછી તેઓ હાલ નાની–મોટી કંપનીઓમાં કાર્યરત છે. તેમને સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. 'ઘર દીવડા' યોજના હેઠળ તેમને કમ્પ્યૂટર લૉન પણ આપવામાં આવે છે.

આ ટ્રસ્ટનું વિશેષ યોગદાન કચરો વીણતી સ્ત્રીઓ માટેની યોજનામાં છે. 'રાજ દીપિકા યોજના' અંતર્ગત કચરો વીણતી સ્ત્રીઓને સારી અને યોગ્ય જીવનશૈલી, માન–સન્માન પ્રાપ્ત થાય તે જોવામાં આવે છે. તેમને શિક્ષણ, ધાર્મિક જ્ઞાન, જીવન જીવવાની કળા, હસ્તકળા જેવી અનેક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત કરાય છે. તેમની તંદુરસ્તી માટે સંપૂર્ણ આહાર અપાય છે. તેમને એપ્રન, માસ્ક, હતાનાં મોજાં, સ્લિપર વિગેરે સલામતી અર્થે આપવામાં આવે છે.

દોરણ ૫થી ૭માં સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે 'વિદ્યાદીપ યોજના' કાર્યરત છે. મહાનગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિ સાથે સંલગ્ન કરી આ બાળકોને કમ્પ્યૂટર શિક્ષણ પમ આપવામાં આવે છે. શહેરની સેવાવસતિનાં બાળકો માટે 'પરમદીપ કમ્પ્યૂટર યોજના' ચાલે છે. તેમને આ પ્રકારનું શિક્ષણ આપવા મોબાઇલ વાન ઉપલબ્ધ છે. આ વાનમાં લેપટોપ, એક વિશેષજ્ઞ અને અન્ય આધુનિક સાધનો હોય ચે. આ મોબાઈલ વાન નિશ્ચિત સમયે નિશ્ચિત સેવાવસતિની મુલાકાત લઈ તે બાળકોને ટૅક્નૉલૉજીથી અવગત કરે છે. ધોરણ ૭ પાસ કરેલ વિદ્યાર્થીઓને ત્રણ મહિના કમ્પ્યૂટરની ટ્રેનિંગ આપવામાં આવે છે. ઘણાં સર્ટિફાઇડ કૉર્સ પણ ચલાવવામાં આવે છે.

બાળ મજૂરી થકી જે બાળકોનું શોષણ થઈ રહ્યું છે તે અટકાવવા માટે રાજ્ય સરકારનાં સ્ત્રી અને બાળ કલ્યાણ વિભાગ સાથે સંકલન કરી 'ચાઈલ્ડ હેલ્પલાઈન પ્રૉજેક્ટ' શરૂ કરવામાં આવ્યો છે. જે બાળકો અનાથ છે, બીમાર છે, આશ્રય વગરનાં છે, પરિવારે ત્યજી દીધેલ છે તેવાં બાળકો માટે આ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. સમાજ દ્વારા તરછોડાયેલાં બાળકોને માનવતાના ધોરણે મદદ કરાય છે. ટૉલ ફ્રી નંબર ૧૦૯૮ ડાયર કરવાથી તાત્કાલિક મદદ મળે છે. રાજ્ય સરકાર દ્વારા આ ટ્રસ્ટની આ ઉમદા કાર્ય માટે પસંદગી કરવામાં આવી છે. સરકારી વિભાગો સંકલન કરી આ ટ્રસ્ટ આવા હજારો બાળકોને યોગ્ય દિશા આપી સમાજ અને રાષ્ટ્ર ઘડતર કરે છે.

વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે બાલ રમતોત્સવ, બાલ સંગમ, બાલ પ્રતિભા સન્માન સમારોહનું પણ આયોજન કરવામાં આવે છે. તંદુરસ્ત બાળક મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે. એ હેતુથી બાળકોને રમત–ગમત તરફ અભિમુખ કરાવવામાં આવે છે. 'બાલ સંગમ યોજના' થકી બાળકોને મનોરંજન મળી રહે તે માટે સાહસિક પ્રવૃત્તિઓમાં પણ જોડવામાં આવે છે. સ્વ. પૂજિત રૂપાણીના જન્મદિવસ ૮ ઑક્ટોબરે આવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકો ખૂબ જ લાભાન્વિત થાય છે. જે બાળકો કલાક્ષેત્રે પ્રતિભા ધરાવતા હોય તે બાળકોને આ ટ્રસ્ટ દ્વારા સન્માનિત કરવામાં આવે છે.

આમ આ ટ્રસ્ટનાં સેવાકાર્યો દ્વારા રાજકોટનાં સેવાવસતિના બાળકો અને તેનાં પરિવારજનો લાભાન્વિત થાય છે. જે સમાજ માટે ઉદાહરણ સ્વરૂપ છે.



# ઉધારીનો ધંધો સેવાકાર્યમાં પરિણમ્યો

એક મધ્યમ કક્ષાની કરિયાણાની દુકાન ચલાવનાર પોતાની આવકના આધારે સારી રીતે કુટુંબનું ભરણ પોષણ કરતો હતો. ધંધા સમો ચાલતો હતો કારણ કે દુકાનદાર મિલનસાર સ્વભાવના હતો અને એક રૂપિયાની ઉધારી ન રાખતા.

કેટલાક કાયમી ઘરાક પૈકી એક કુટુંબની મહિલા કાયમ માલ ખરીદવા આવે. ૪-૫ વર્ષનો સંબંધ બંધાયો હોવાથી એક વખત તે મહિલાએ માલની યાદી લખાવી, માલ થેલામાં ભર્યો બિલની ચૂકવણી કરવા માટે પાકિટ ખોલતાં કુલ આપવાની થતી રકમમાં રૂા. ૧૦/- ઓછા નીકળ્યા.

દુકાનદાર ઉધારી નહિ ચલાવે તે જાણતી હોવાથી તેણીએ ચાનું પેકેટ કાઢી પછી લઈ જશે તેમ કહ્યું, દુકાનદાર સમજી ગયા અને તેણે રૂા. ૧૦/- પછી યાદ રાખી આપી જવા કહ્યું.

બીજા, ત્રીજા, ચોથા મહિને આગલા મહિનાની બાકી રકમ ચૂકવી ૩૦, ૫૦, ૧૦૦ જેટલી રકમ ઉધારી રખાવવા લાગી. દુકાનદાર ચેતી ગયો પરંતુ આ મહિલા દર મહિને કૃશ થતી હતી તેમ ધ્યાનમાં આવ્યું.

તે મહિલા પહેલાં ઉધારી ન રાખતી હવે શા માટે રાખે છે? તેવું દુકાનદારે પૂછતાં રડતાં રડતાં મહિલાએ ડાયાલિસીસ કરાવવાના ખર્ચના કારણે કુટુંબનું અર્થતંત્ર અસ્તવ્યસ્ત થઈ ગયાનું જણાવ્યું.

તે રાત્રે દુકાનદારને ઊંઘ ન આવી. મધરાત્રે જાગતા જોઈને તેમની પત્ની સફાળી જાગી, પૂછપરછ કરવા લાગી. જેમ તેમ રાત્રિ પસાર કરી.

સવારે ચા પીતાં પત્નીએ પતિને તે મહિલા પરિવારને માસિક કરિયાણું વિના મૂલ્યે આપવાનું સૂચન કર્યુ. સંવેદનશીલ પતિને વાત પસંદ પડી.

રવિવારે અર્ધો દિવસ દુકાન ખૂલી રાખવાનો વર્ષોનો ક્રમ તોડી દર રવિવારે પતિ-પત્ની કેન્સર, કિડની સરકારી હોસ્પિટલોની મુલાકાત લઈ આ પ્રકારના પરિવારો શોધી નામ-સરનામાં લઈ ખીચડી, ઘઉંનો લોટ અને ખાંડ જે તે પીડિત પરિવારની સંખ્યા પ્રમાણે રવખર્ચે ઘરે પહોંચાડવાનો ક્રમ શરૂ કર્યો. મિત્રવર્તુળમા આ માહિતી મળતાં અનેકનો આર્થિક સહયોગ મળવા લાગ્યો. ૮.૯ મહિનામાં લગભગ ૧૪૦૦ પરિવાર સુધી આ સેવાની સરવાણી પહોંચી.

દિવાળી નિમિત્તે મિત્રો ભેગા થયા ત્યારે એક સૂચન આવ્યું અને બંને કિડની ફેઈલ હોય તેવા વ્યકિતઓના ડાયાલિસિસની પૂર્ણ રકમ આપવાની સ્વૈચ્છિક ઝુંબેશ શરૂ કરી. જોતજોતામાં આ પ્રકારના ૭૫૩ દર્દીઓની સારવારનો સંપૂર્ણખર્ચ આ મિત્રવર્તુળ ભોગવે છે.

કોઈ પ્રસિદ્ધિ નહિ, કોઈ ટ્રસ્ટ નહિ, કોઈ અપીલ નહિ, કોઈ પાવતી નહિ ફકત હૃદયની આત્મીયતા અને સ્નેહયુક્ત વ્યવહાર !!

### ચર્ચા-ભાષણ નહીં, અમલીકરણ

સમાજના શોષિત-પીડિંત વર્ગ માટે ચર્ચો કરવી, ઉપાય અંગે લેખ લખવા કે સેમિનાર યોજી ભાષણ આપી, સરકારી સહાય મેળવવા સમય કે શક્તિ બગાડવાને બદલે હુ કે મારો પરિવાર કોને માટે કેટલું કરી શકે તેનું તેવો વિચાર માત્ર છોડી નિઃસ્વાર્થ અપેક્ષા વગર આપણા હૃદયમાંથી ઉત્પન્ન સંવેદના સાથે કૃતિ કરતાં જઈશું તો તે આપણી વૃત્તિ બની જશે.

સંવેદના જીવંત રહે, વૃત્તિ સાતત્યપૂર્ણ રહે તો સેવાભાવ પ્રજવલિત જ રહેશે. સંકલ્પ કરીએ સેવાપથના પથિક બની રહેવાનો.

**- ડો. સંજીવ ઓઝા**
કુલપતિ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,
જામનગર, મો. ૯૪૨૦૬૧૪૬૧૧

# સેવાભારતી ગુજરાત સમન્વિત ગ્રામવિકાસ પ્રબોધિની



ભારત વિશાળ જનસંખ્યા ધરાવતો દેશ છે, તેનો બહુ મોટો ભાગ આજે પણ ગ્રામીણ વિસ્તારમાં રહે છે વસવાટ કરે છે. ગ્રામીણ લોકોની આજીવિકાનો સંપૂર્ણ આધાર કૃષિ છે. વાસ્તવિક સ્વરૂપમાં ભારતની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર કૃષિ જ છે

ગામડાઓમાં લોકો સાદું જીવન જીવતા હોય છે. ભારતીય ગામ્ય જીવન ની જ્યારે પણ વાત કરવામાં આવે છે ત્યારે ધમધખતા તાપમાં ખેતરમાં કામ કરતો ખેડૂત, દૂર દૂર સુધી ફેલાયેલ ખેતીની લેહરાતી હરિયાળી વાવણી, ખેતીના કામમાં મદદ કરતી મહિલાઓ તથા હાટ બઝારના મેળાના દ્રશ્ય આપણાં મન મસ્તક પર આવતા હોય છે. શહેરી પ્રદૂષણથી દૂર, સુગંધિત અને સ્વચ્છ તાજી હવા આપણને ગામડાઓ તરફ લઇ જાય છે. ગામડાઓમાં રહેતા લોકો એક પરિવારની જેમ એક બીજાને મદદ કરવા હમેશા તત્પર હોય છે, અને એ જ ગામ્ય જીવનની મુખ્ય વિશેષતા છે.

ગામડાઓના વિકાસની વાત કરવામાં આવે તો શહેરોની તુલનામાં ગામડાઓનો વિકાસ ખુબ જ ઓછો થયો છે. આજે પણ લાખો લોકો ગરીબી રેખાની નીચે જીવન જીવી રહ્યા છે. લાખોની સંખ્યામાં લોકોનું ગામડાઓમાંથી રોજગારી માટે શેહરોમાં સ્થળાંતર થઈ રહ્યું છે, કેટલાય લોકો દર વર્ષે ભૂખમરી તથા મહામારીના શિકાર બનતા હોય છે.

ગામડાઓના વિકાસમાં સરકારની સાથે સંસ્થાઓ અને સામાજિક સંગઠનોનો પણ મહત્વનો ભાગ રહ્યો છે. આવી સંસ્થા અને સંગઠનો પોતે અલગ અલગ પોતાની તથા સરકારી યોજનાઓના માધ્યમથી ગામડાઓના વિકાસમાં પોતાનો સહયોગ કરતા હોય છે. ગામ્ય વિસ્તારમાં આવી સંસ્થાઓ પ્રકૃતિના જતન માટે પાણી, વૃક્ષો વીજળી, માટી, કોલસો, તેલ, ખનીજ ઉર્જા, અને વન્ય જીવન વનસ્પતિના ઉપયોગ અને તેના જતન માટે માર્ગદર્શન આપવાનું કામ કરે છે. એવી જ રીતે શિક્ષણમાં કામ કરતી સંસ્થાઓ શિક્ષણથી વંચિતને શિક્ષણ આપવામાં, શિક્ષણ સંસ્થાઓને વધુ સક્ષમ બનાવવામાં પોતાનું યોગદાન આપતા હોય છે. ગામડાના લોકોનું જીવન રોગ મુક્ત બનાવવા માટે કેટલીક સંસ્થાઓ ફરતા દવાખાનાના માધ્યમથી પોતાની સેવાઓ આપે છે.

આપણો દેશ ગ્રામીણ અર્થવ્યવસ્થાના આધાર પર વિશ્વમાં 'સોને કી ચીડિયા'ના નામથી ઓળખવામાં આવતો હતો. વિશ્વની અર્થવ્યવસ્થામાં ભારતનો હિસ્સો ૩૯ % હતો. સમન્વિત ગ્રામવિકાસ પ્રબોધિનીનો મુખ્ય ઉદેશ પણ ગામડાઓનો સંપૂર્ણ વિકાસ (શિક્ષા, ખેતી, આધારભૂત સુવિધાઓ, રોજગારી, સ્વાસ્થ્ય વગેરે) ભારતીય પરંપરા અને સંસ્કૃતિ આધારિત હોય જેથી ગામડાઓમાંથી શહેરોમાં થતું સ્થળાંતર અટકાવી શકાય અને ગામડાઓ વિકાસનું એક સ્વતંત્ર માધ્યમ બની શકે.

ગુજરાતના જનજાતિ જિલ્લાઓમાં વર્તમાન વિકાસની પરિસસ્થિતિ વિષે એક અધ્યયન થવું જોઈએ, જેથી ખબર પડે કે હાલમાં ક્યા પ્રકારની પરિસ્થિતિ આ વિસ્તારમાં છે. સેવા ભારતી દ્વારા આ કામ પુના સ્થિત 'યોજક' (Centre for Research and Strategic Planning for Sustainable Development) નામની સંસ્થાને સોપવામાં આવ્યું. આ




અધ્યયન કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ કુદરતી સંસાધન આધારિત આજીવિકાની સ્થિતિ જાણવી, વર્તમાન વિકાસના માપદંડ અનુસાર જળ, જમીન, જંગલ, પશુધન વિષે સરકાર તથા અન્ય અધ્યયનકર્તાઓના તથ્યોને સંકલિત કરવા તથા વિકાસ વિષે વિભિન્ન લોકોના અભિપ્રાય જાણવા અને આ બધીજ જાણકારીનું વિશ્લેષણ કરવું. યોજક સંસ્થા દ્વારા મધ્ય અને દક્ષિણ ગુજરાતના જનજાતિ જિલ્લાઓ જેમાં વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, ભરૂચ, નર્મદા, વડોદરા, છોટા ઉદેપુર તથા દાહોદમાં આ અધ્યયન કરવામાં આવ્યું.

યોજક દ્વારા જે અધ્યયન કરવામાં આવ્યું તેના પરિણામ સ્વરૂપે એવું નક્કી કરવામાં આવ્યું કે ભારતીય મૂલ્યો આધારિત વિકાસની પ્રક્રિયા ચલાવવા માટે વધુ પ્રયત્નો થવા જોઈએ, અને આ પ્રકારના કાર્ય કરવા માટે સેવાભારતી ગુજરાત દ્વારા સમન્વિત ગ્રામવિકાસ પ્રબોધિની ની રચના કરવામાં આવી.

સમન્વિત ગ્રામવિકાસ પ્રબોધિની એ ભારતીય મૂલ્યો આધારિત વિકાસ પ્રક્રિયામાં માનનારી સંસ્થા છે. જેનો ઉદ્દેશ ગુજરાતના વિકાસને ભારતીય વિકાસની અવધારણાઓ સાથે જોડી વિકાસના પથ પર આગળ લઇ જવાનો છે. સમન્વિત ગ્રામવિકાસ પ્રબોધિની વિકાસની આ પ્રક્રિયામાં કામ કરતી વિવિધ સંસ્થા અને સંગઠનોને સાથે રાખી વિકાસની પ્રક્રિયાનું અધ્યયન કરે છે તથા સંસ્થા અને સંગઠનોને સહાયભૂત થાય તેવી વ્યવસ્થા તૈયાર કરે છે. પ્રબોધિની સંસ્થા અને સંગઠનોને વિવિધ પ્રકારની ટેકનીકલ તથા વહીવટી સેવાઓના માધ્યમથી વનવાસી વિસ્તારની વિકાસ પ્રકિયાને આગળ ધપાવવા માટે મદદરૂપ થાય છે.

## સમન્વિત ગ્રામવિકાસ પ્રબોધિનીનું કાર્યક્ષેત્ર

### સમન્વિત ગ્રામવિકાસ પ્રબોધિનીના મુખ્ય ઉદ્દેશ.

૧. ગુજરાતના જનજાતિ વિસ્તારની વિકાસ પ્રક્રિયા તથા પરિસ્થિતિનું નિરંતર અધ્યયન કરવું, આ માટે આવશ્યક સંશોધન કરવા
૨. વિકાસ પ્રક્રિયા સાથે સંકળાયેલ વિવિધ ઘટકોને એક સાથે લાવવા માટે તથા વિકાસ વિષયક ભારતીય ચિંતન આધારિત દૃષ્ટિ વિકસિત કરવા માટે એક મંચ તૈયાર કરવું તથા આ મંચનું સંચાલન કરવું.
૩. સ્થાનિક સંસ્થાઓ, સંગઠનો તથા જનસમૂહ સાથે રહીને ભારતીય ચિંતન આધારિત વિકાસ માટેના પ્રયોગ કરવા.
૪. સ્થાનિક સંસ્થાઓ, સંગઠનો તથા જનસમૂહને સર્વસમાવેશક વિકાસના હેતુ માટે નિરંતર સહયોગ કરી શકે એવી વિવિધ પ્રકારની સંસ્થાત્મક રચનાઓ તૈયાર કરવી.

### કાર્યપદ્ધતિ

૧. વિકાસ પ્રકિયા અને પરિસ્થિતિનું અધ્યયન કરવા માટે પ્રબોધિનીના માધ્યમથી વિવિધ અધ્યયન કાર્યોની શરૂવાત કરવી, તેમાં જરૂરિયાત અનુસાર વિવિધ વૈજ્ઞાનિક, સમાજશાસ્ત્રી તથા અન્ય લોકોની સહાયતા લેવી.
૨. વિકાસ પ્રક્રિયા સાથે જોડાયેલ વિવિધ વિષયોમાં સંગોષ્ઠીઓનું આયોજન કરવું.
૩. સ્થાનિક સંસ્થાઓ અને સંગઠનોને પ્રબોધિની સાથે જોડવા.
૪. પ્રબોધિનીના માધ્યમથી સંસ્થાઓ, વિદ્યાર્થીઓ, યુવાનોને શિષ્યવૃતિ આપીને અધ્યયનના કાર્યમાં જોડવા.
૫. જનજાતિ ક્ષેત્રના આર્થિક તથા સામાજિક વિકાસ માટે વિવિધ પ્રકલ્પો તૈયાર કરવામાં સ્થાનિક સંસ્થાઓને સહયોગ કરવો તથા પ્રકલ્પના સંચાલન હેતુ વહીવટી, આર્થિક, કાર્યક્રમ આધારિત

જરૂરીયાતો મેળવવામાં સહયોગ કરવો. તેના માટે વિવિધ પ્રકારના વૈજ્ઞાનિકો, સંસ્થાઓ, કંપનીઓ, પ્રશાસન ને સાથે જોડવા.

૬. ભારતીય ચિંતન આધારિત વિકાસની પ્રક્રિયાને અનુસરવા માટે અખિલ ભારતીય સ્તરની સંસ્થાઓ સાથે સમન્વય કરવો..

૭. સંસ્થાઓને પ્રકલ્પ નિર્માણ, સંચાલન, વહીવટી દસ્તાવેજીકરણ, ઓડીટ જેવી જરૂરિયાતો પૂરી કરવાના હેતુથી પ્રોફેશનલ વ્યક્તિઓ અને કંપનીઓના માધ્યમથી નિરંતર પ્રશિક્ષણ કાર્યક્રમ ચલાવવો

૮. વિકાસના સફળ અને અસફળ પ્રયોગોનું દસ્તાવેજીકરણ કરવું તથા આવા અનુભવો સમાજના વિવિધ ઘટકોની સામે રાખવા માટે કાર્યક્રમ આયોજિત કરવા.

૯. સ્થાન વિશેષ, સમસ્યા વિશેષને ધ્યાનમાં રાખીને લોક સંચાલિત નૂતન સંસ્થા નિર્માણને પ્રોત્સાહન આપવું.

**મધ્યભારત વનાંચલ સમૃદ્ધિ યોજના**

ભારત દેશમાં મધ્ય ભારત વિસ્તારમાં આવેલ વન ક્ષેત્રમાં ભારતના લગભગ ૮૦% જનજાતિ લોકો રહે છે. મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, છતીસગઢ, ગુજરાત, રાજસ્થાન, ઝારખંડ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ તથા પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં કુલ ૧૦૦ જેટલા જીલ્લોના વહીવટી ક્ષેત્રનો તેમાં સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં જંગલોનો વિસ્તાર ખુબ મોટા




પ્રમાણમાં છે તથા આ વિસ્તાર પહાડી વિસ્તાર છે. આ વિસ્તારનો ખુબ મોટો ભાગ આરક્ષિત વનક્ષેત્ર છે તથા આ વિસ્તાર બંધારણ અનુસાર શીડ્યુલ ૫ ક્ષેત્રમાં આવે છે. પરંતુ આ વિસ્તાર ઘણી બધી સમસ્યાઓથી ઘેરાયેલો છે તથા વિકાસના તેમના માપદંડમાં આ વિસ્તાર પછાત છે.

પરંપરાગત રીતે જનજાતિ લોકોની આજીવિકા જંગલ - ખેતી તથા બીજી જગ્યાઓ પર જઈ કામ કરવાથી ચાલતી હોય છે. પરંતુ પાછલા કેટલાક દશકોથી આ ચિત્ર બદલાઈ રહ્યું છે. જંગલો કપાવા તથા વન વિભાગનું શોષણ, ઓછી ઉપજ આપતી ખેતી તથા આધુનિક ખેતી માટેની મર્યાદિત જાણકારીના અભાવે મુખ્યત્વે જનજાતિ લોકો તેમના ગામ છોડીને બીજી જગ્યાઓ પર આજીવિકા ગુજારી રહ્યા છે. ઉપરોક્ત પરિસ્થિતિઓમાં જનજાતિ સમુદાયમાં નવા પ્રશ્નો જેવા કે નવા નવા રોગો, પરંપરાગત વ્યવસ્થા તૂટવી, શિક્ષણનો અભાવ, સરકારી યોજનાઓનો પૂરતો લાભ ન મળવો વગેરે પ્રશ્નો ઉભા થઇ રહ્યા છે.

પ્રચલિત વિકાસ મોડેલથી મધ્ય ભારતમાં વિવિધ સમસ્યાઓ ઉભરી રહી છે, જેવી કે કુદરતી સંશાધનોને મોટા પ્રમાણમાં નુકશાન થવું, પ્રાકૃતિક સંરચનાઓનું તૂટવું, વિકાસના પ્રયત્નોમાં જન સહભાગિતાનો અભાવ વગેરે. આ પરિસ્થિતિમાંથી બહાર આવવા ઉપયુક્ત ટેકનોલોજીનો ઉપયોગ તથા જ્ઞાન અને વિજ્ઞાનનું સુયોગ્ય સંકલન કરી સુનિયોજિત સ્થાનીય શાશ્વત વિકાસ માટેના પ્રયોગો કરવા પડશે.

મધ્ય ભારત વનાંચલ સમૃદ્ધિ યોજના વિકાસ સહયોગીના માધ્યમથી સ્થાનીય અભ્યાસ તથા વિકાસની ભારતીય અવધારણાઓને સમજીને જન સહભાગિતા દ્વારા પ્રાકૃતિક ગ્રામસમૂહના શાશ્વત વિકાસ માટેનો નિયોજિત કાર્યક્રમ છે. આ યોજનાનો મુખ્ય ઉદેશ સ્થાનિક સંસ્થાઓને પરિસ્થિતિનો અભ્યાસ કરી પોતાના પરિસરના વિકાસ માટે નીતિ તથા કાર્યક્રમ બનાવવાનો છે.

મધ્ય ભારત વનાંચલ સમૃદ્ધિ યોજનામાં એક ગ્રામ સમૂહ એટલે પ્રાકૃતિક દ્રષ્ટિ એક જળ વિસ્તારના ક્ષેત્રમાં આવેલ ગામોનો સમૂહ જે કુદરતી સંસાધન હેતુ પરસ્પરાવલંબી તથા પરસ્પર પૂરક હોય છે. ભારતીય સંસ્કૃતિમાં આ કલ્પનાને પંચકોશી કહેવામાં આવે છે. વર્તમાનમાં મધ્ય ભારત વનાંચલ સમૃદ્ધિ યોજના ગુજરાત અંતર્ગત ગુજરાતના ૮ જિલ્લાઓમાં આ યોજના હેઠળ કામ શરુ કરવામાં આવ્યું છે. આ આઠ જિલ્લાઓમાં વલસાડ, ડાંગ, તાપી, સુરત, ભરૂચ, છોટાઉદેપુર, દાહોદ અને બનાસકાંઠાનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓ આગામી બે વર્ષ સુધી આ જિલ્લાઓના વિવિધ ગામોમાં સઘન અધ્યયન કરશે.

# સમરસતા યજ્ઞમાં છુઆછુત મુક્ત ભારત અને હિન્દુ સમાજની એકતા-સમરસતા માટે સામૂહિક સંકલ્પ લેવામાં આવ્યો

આ કાર્યક્રમમાં વાલ્મિકી સમાજની ગુરુગાદીના સંતો પૂજ્ય ભગવાનદાસ બાપુ (આખાજ, મહેસાણા), પૂજ્ય ગોવિંદરામ બાપુ (કણભા), પૂજ્ય ભાઈલાલદાસ બાપુ (સોખડા), (શ્રી મગનભાઈ પટેલ (સંઘચાલકજી અમરાઈવાડી), શ્રી લવેશભાઈ પટેલ (સમરસતા ગતિવિધિ), શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદી (ભાગકાર્યવાહ અમરાઈવાડી), સામાજિક સમરસતા અભિયાન ઉ. ગુજરાત (વી.એચ.પી.) પ્રાંત પ્રમુખ રસેશભાઈ રાવલ, શ્રી શૈલેષભાઈ પટેલ, કોર્પોરેટર (ઈન્દ્રપુરી વોર્ડ) ઉપસ્થિત રહીને સામૂહિક યજ્ઞમાં શ્રીફળ હોમી આરતી પૂજન કર્યું હતું. વાલ્મિકી સમાજના સંતોએ આચાર્ય પંડિત શ્રી કિરીટભાઈનું પાઘડી કુમકુમ તિલક કરી સન્માન કરી સુંદર સમરસતાનું કાર્ય કર્યું હતું. પધારેલ ભાવિકોએ કન્યાપૂજન કરી સંતોના આશીર્વાદ લીધા હતા.

અમદાવાદ, અમરાઈ વાડી રામરાજ્યનગર ગણેશ મહોત્સવ સમિતિ તથા સામાજિક સમરસતા અભિયાન (વી.એચ.પી.) કર્ણાવતી પૂર્વ વિભાગ, અમરાઈવાડી જિલ્લો, ઈન્દ્રપુરી પ્રખંડના સંયુક્ત ઉપક્રમે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સાર્વજનિક ગણપતિ ઉત્સવ નિમિત્તે સમરસતા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી ગણપતિ ઉત્સવ માત્ર ઉત્સવ ન બની રહેતા સમરસતા ઉત્સવ બને માટે આ ઉત્સવને નિમિત્ત બનાવી હિન્દુ સમાજમાં કાળક્રમે જે જાતિવાદ... પ્રાંતવાદ, ભાષાવાદ વિભિન્ન મત... પંથ... સંપ્રદાયના વાળા જેવી જે વિષમતાઓ ઉદ્‌ભવેલ જોવા મળે ચે તેને દૂર કરવા માટે જનજાગૃતિ દ્વારા હિન્દુ સમાજમાં એકતા સમરસતા નિર્માણ થાય તેવા પ્રયાસો સતત સામાજિક સમરસતા અભિયાન દ્વારા કરવામાં આવી રહ્યા છે.



સંઘર્ષ નહીં સંવાદ... દ્વારા હિન્દુ



સમાજના બધા જ ઘટકો... મત પંથ સંપ્રદાય... જાતિવાદના વાળાઓ દૂર કરી. ઊંચ, નીચ, અસ્પૃશ્યતાના કલંકને સહિયારા પ્રયાસોથી દૂર કરી બધા હિન્દુઓ માટે એક મંદિર, એક કૂવો, એક સ્મશાન તથા સામૂહિક કાર્યક્રમો સમરસતા યજ્ઞ કન્યા પૂજન, સામૂહિક અનુષ્ઠાનો, આરતીપૂજન, સહભોજન, સમરસતા સંમેલન જેવા કાર્યક્રમો દ્વારા હિન્દુ સમાજની સામૂહિક ચેતનાને જાગૃત કરી. જનજાગૃતિ દ્વારા, સમરસ ભારત, સમર્થ ભારત, સમરસતાથી રાષ્ટ્રકક્ષાના સંકલ્પને સાકાર કરવા માટે સામૂહિક સમરસતા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં વિશેષ રૂપે દલિત વાલ્મિકી સમાજના પૂજ્ય સંતોની વિશેષ ઉપસ્થિતિમાં બધી જ જ્ઞાતિ સમાજના લોકો ભેગા મળી. પર્યાવરણ રક્ષણ માટે યજ્ઞમાં ધૃતાદિ, ઔષધાદિ અને ગરિષ્ઠ પદાર્થોની યજ્ઞમાં આહુતિ દેવામાં આવી હતી. પધારેલ સંતોનું પૂજન, કન્યાપૂજન, આરતી પૂજા, સામૂહિક અલ્પાહાર, મોદક પ્રસાદ ગ્રહણ કરી. સામૂહિક શક્તિ દ્વારા સમરસ હિન્દુ સમાજની ધ્યેયપૂર્તિમાં સમરસતા સંકલ્પ લેવામાં આવ્યો હતો.

# તીર્થગામ માનપુર

બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાનું માનપુર (પો. કરજોડા) ગામ જે પાલનપુરથી ૮ કી.મી. દૂર આવેલ છે. આ ગામમાં tranek ત્રણેક વર્ષથી sanghsangh સંઘની શાખા લાગે છે અને તેટલા જ વર્ષોથી ગ્રામવિકાસના પ્રયત્નો ચાલે છે. ગામના વિકાસના સંદર્ભમાં કાર્યની શરૂઆત સ્મશાનની સુધારણાથી થઇ. સ્મશાન કોઇ ભયાનક સ્થાન નહિ પણ સમાજની આવશ્યક વ્યવસ્થા છે આ પ્રકારની માનસિકતાના ઘડતર માટે સ્મશાનનું નામ સ્વર્ગારોહણ આપવામાં આવ્યું. સ્મશાનમાં યોગ્ય પાણીની વ્યવસ્થા જેના દ્વારા વૃક્ષારોપણ, પશુ-પક્ષીઓને પીવાની વ્યવસ્થા અને અન્ય વ્યવસ્થાઓ સુચારુરૂપે ગોઠવવામાં આવી છે.

સ્વર્ગારોહણમાં રોજ સાંજે માઇક પર **શિવ સહસ્ત્રનામ સ્તોત્ર** પણ વગાડવામાં આવે છે. સ્વર્ગારોહણ સ્વાવલંબી બને તે માટે ત્યાં ફળાઉ વૃક્ષો પણ લગાવવામાં આવ્યા છે. બધું મળી ૧૦૦૦ જેટલા વૃક્ષો લગાવવામાં આવ્યા છે. આવતા સમયમાં સ્વર્ગારોહણનો સમગ્ર ખર્ચ આ વૃક્ષોની આવકમાંથી જ થાય તેવા પ્રયાસો છે.

ગામમાં દરેકનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે દરેક ઘરે તુલસી, અરડૂસી અને લીમડા જેવા ઔષધીય રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે તેમજ દરેકે તેની જાળવણી કરે તે માટે સમજ આપવામાં આવી છે. ગામના રસ્તાઓ અને સાર્વજનિક સ્થાનો પર સુવિચાર ફલકો લગાવવામાં આવ્યા છે, જેમના પર સુવિચારો, સ્વાસ્થ્યને લગતા સૂત્રોનો અને દરેક ઋતુઓમાં ખેતીએ લગતી આવશ્યક માહિતી વગેરેનું નિયમિત લખાણ થાય છે. સૌ આપણી ગૌ આધારિત પારંપરિક ખેતી તરફ વળે તે માટે સમજ આપતી માહિતી પણ આ ફલકો પર લખવામાં આવે છે. દરેક વીજળીના થાંભલાઓ પર જય શ્રીરામ જય ગોમાતા જેવા સૂત્રો લખવામાં આવ્યા છે.

ગ્રામ પંચાયતના આર્થિક સહયોગ અને સંઘના સ્વયંસેવકોએ ગામના યુવકોને સાથે લઇ સ્વચ્છ ગ્રામનું અભિયાન કરેલ. આગામી આયોજનમાં



દરેક સ્થાન પર ભેગો કરેલ કચરો કોઈ એક સ્થાને લઇ પ્લાસ્ટિક કાઢીને કમ્પોસ્ટ ખાતર બનાવવામાં આવશે,

જન્મદિવસ કે અન્ય શુભપ્રસંગોએ વૃક્ષો ભેટ લઇ તેમના નામથી લગાવવાની યોજનાથી ગામના જાહેર રસ્તા, શાળા અને સ્મશાન વગેરે જાગ્યાઓ પર સારું વૃક્ષારોપણ થયું છે. ગામના યુવકોને જોડી ગ્રામવિકાસ સમિતિની રચના થઇ છે, જેની વર્ષમાં ૨ થી ૩ વાર બેઠક થાય છે. આ બેઠકમાં આપણું ગામ આદર્શ કેવી રીતે બને તેવા વિષયો પર ચિંતન અને સજીવ ખેતી, ગો સંવર્ધન જેવા વિષયો પર ચર્ચા થાય છે. સમરસતાના પ્રયાસ માટે ગામમાં જન્માષ્ટમીનો ઉત્સવ બધા સાથે મળી ઉજવે છે. માનપુર ગામ સાચે જ એક તીર્થગામ છે.





•

# 'મધુમેહ' : આયુર્વેદમાં ઉપાય છે.

વૈદ્ય જહાનવીબેન ભટ્ટ, મો. ૯૪૨૮૫૯૮૦૯૮

આજના સમયમાં દરેક વ્યક્તિનું જીવન ટેન્શન અને ભાગદોડભર્યું થઈ ગયું છે. ડાયાબિટીસ એ ટેન્શનના કારણે થતો રોગ છે જે બાબતમાં શંકાને સ્થાન નથી. સમગ્ર ભારતમાં અને ભારત બહાર પણ આ રોગ ખૂબ જોવા મળે છે. આ રોગને અંગ્રેજીમાં Diabetes Mellitus કહે છે. કેન્સર પછીનાં મહત્ત્વના રોગોમાં ડાયાબિટીસનો નંબર આવે છે. આ રોગ ચેપી નથી પણ વારસાગત રીતે જનીનોમાં ઉતરી શકે છે. આ રોગની જો યોગ્ય સારવાર ન થાય તો પરિણામો ભયંકર પણ આવી શકે છે. આ રોગ માટે આધુનિક વિજ્ઞાનમાં 'ઇન્સ્યુલીન'નાં ઇંજેક્શન આપવામાં આવે છે. જેથી તત્કાળ ધોરણે લોહીમાં ખાંડનું પ્રમાણ ઘટાડી શકાય છે પરંતુ આ રોગને જડમૂળથી કાઢવા માટે એલોપેથીના તજજ્ઞો પાસે એવી સારવાર નથી જે આયુર્વેદમાં બતાવેલી છે.

ડાયાબિટીસ રોગમાં પહેલાં જણાવ્યું તે મુજબ સ્ટ્રેસ કે ચિંતા એ આ રોગ થવામાં અગત્યનું કારણ છે. એ સિવાય (૧) આરામદાયક-બેઠાડું જીવન, (૨) વધુ પડતાં ગળ્યાં, ખાટાં પદાર્થો આહારમાં લેવા, (૩) વારસાગત કારણો, (૪) શરીરનું વધુ પડતું વજન, (૫) કિડની, લીવર કે પેન્ક્રિયાસ જેવા અંગોની ખામી, (૬) લાંબા સમયની કોઈ બિમારી વગેરે કારણોથી ડાયાબિટીસ થઈ શકે છે.

આ રોગમાં દર્દીને શરીરમાં ખૂબ જ તૃષા અને વારંવાર ભૂખ લાગે છે. ચહેરો નિસ્તેજ થતો જાય, વારં-વાર પેશાબ કરવા જવું પડે, મૂત્રનું પ્રમાણ ખૂબ વધુ તથા મૂત્રનો રંગ પાણી જેવો કે જરાક આછો પીળો અને મીઠીવાસવાળો હોય છે. આ રોગની ગંભીર અવસ્થામાં પેશાબ ઘટ્ટ અને ડહોળો થાય છે. વળી આ રોગમાં શરીર પર થયેલાં નાના જખમ-ઘા કે ગૂમડું જલદીથી રુઝાતું નથી એ આ રોગ હોવાનું મુખ્ય લક્ષણ સાબિત કરે છે. ખૂબ વધુ ભોજન કરવા છતાં વજન ઘટતું જવું, શરીરમાં ખૂબ થાક કે કળતર તથા શરીર પર ન રુઝાય તેવાં ચાંદા, પરસેવામાં દુર્ગંધ, ત્વચા સૂકી અને બરછટ થવી, આંખની દૃષ્ટિશક્તિ ઓછી થવી વગેરે આ રોગનાં મુખ્ય લક્ષણો છે.

કેટલીક વાર ઘણાં વાચકમિત્રોને પ્રશ્ન થાય કે બ્લડ રીપોર્ટ સિવાય આ રોગનું નિદાન આપણને જાતે ખબર પડી શકે ? તો તેનો જવાબ છે કે, 'હા' ચોક્કસ વ્યક્તિનાં મૂત્રની આસપાસ કીડી-મંકોડા જો જોવામાં આવે તો સમજવું કે દર્દીને ડાયાબિટીસનું નિદાન થઈ શકે છે. હવે, આ રોગમાં રોગને કાબૂમાં રાખવા માટેના ઉપાયોની વાત કરીએ તો,

સૌ પ્રથમ આહાર-વિહારમાં ખૂબ ધ્યાન રાખવું જોઈએ. ઘઉંના બદલે દર્દીએ જવની રોટલી ખાવાનું શરૂ કરવું જોઈએ. આ ઉપરાંત લીલાપાંદડાવાળા શાકભાજી આહારમાં વધારે લેવા જોઈએ. ભાત ખાવાનો બંધ કરી દેવો જોઈએ તથા ગળ્યા પદાર્થો સંપૂર્ણપણે ત્યજવા જોઈએ.

આ રોગને નાથવા માટે આયુર્વેદમાં ઘણી બધી ઔષધો બતાવેલી છે. જેમાં સૌ પ્રથમ મેથી વિશે વાત કરીએ. મધુમેહના દર્દીએ રાત્રે પલાળેલી મેથી ૧ થી ૨ચમચીની માત્રામાં રોજ સવારે લેવી જોઈએ. આ ઉપરાંત મામેજવો, કારેલા, જાંબુના ઠળીયા, કાળી જીરી, બિલિપત્ર, કરિયાતું, ઇન્દ્રજવ અને કડું જેવા ઔષધો પણ આ રોગ પર સારું પરિણામ આપે છે.

આ રોગની ગંભીરતા પ્રમાણે તથા નિષ્ણાતની સલાહમાં રહીને ઔષધોપચાર શરૂ કરવો જોઈએ. જેમાં મામેજવા ઘનવટી ૨-૨ ગોળી સવાર-સાંજ ભૂકો કરીને લેવી. આની અવેજીમાં સંશયની વટી પણ લઈ શકાય છે. હરિદ્રા (૨ ગ્રામ), વિજયસાર (૧/૨ ગ્રામ), ગળો (૨ ગ્રામ), મહાસુદર્શન ચૂર્ણ (૨ ગ્રામ) આ બધા ચૂર્ણને મિક્સ કરી ૧-૧ ચમચી સવાર-સાંજ જમ્યાનાં ૧/૨ કલાક પહેલાં લેવું. આ ઉપરાંત ગુડુચ્યાદિ,

ક્વાથ ૫ ગ્રામ ૨ વાર સવાર-સાંજ ઉકાળીને લેવો.

આ ઉપરાંત ડાયાબિટીસનાં દર્દીએ વિહારમાં પણ ખૂબ સાવચેતી રાખવી જોઈએ. જમ્યા પછી અથવા વહેલી સવારે ચાલવાની આદત રાખવાવાળા દર્દીને ડાયાબીટીસ પરેશાન કરતો નથી.



# ઋતુ ચર્યા

વૈદ્ય ભાર્ગવ ઠક્કર, મો. ૯૪૨૭૬૧૪૫૮૭

## શરદ ઋતુ

વરસાદમાં શીત સાત્મય જેમને થઈ ગયું હોય એવા લોકોના શરીર પર સૂર્યના કિરણોથી તપી જાય છે. જેના લીધે વર્ષાઋતુમાં સંચિત થયેલુ પિત્ત શરદઋતુમાં પ્રકૃપિત થઈ જાય છે.

શરદઋતુમાં બરાબર ભૂખ લાગે ત્યારે રસમાં ગળ્યું-મધુર, ગુણમાં લઘુ, વીર્યમાં શીતલ ને થોડુક કડવુ અને પિત્તને શાન્ત કરવાવાળો ખોરાક માત્રાસર ખાવો જોઈએ. બધા લોકોએ ચોખા, જવ અને ઘઉંનો ઉપયોગ કરવો જોઈએ. કડવા ઘીનું પાન, વિરેચન અને રક્તમોક્ષણ કરાવવું જોઈએ.

શરદઋતુમાં તડકા અને ધૂમ્મસથી બચવું જોઈએ. તેલ, ક્ષાર, દહીં ન ખાવા જોઈએ. દીવસે ઉંઘવું જોઈએ નહીં તેમજ સામેથી પવન ખાવો જોઈએ નહીં.

દિવસે સૂર્યના કિરણોમાં તપેલું તથા રાત્રે ચંદ્રના કિરણોમાં ઠંડુ થયેલું પાણી હંસોદક કહેવાય છે તે ખાવા, પીવા તથા સ્નાનમાં વાપરવું જોઈએ. શરદઋતુમાં સ્વચ્છ વસ્ત્રનો ઉપયોગ તથા રાત્રીના શરૂઆતના ભાગમાં ચંદ્રના કિરણોમાં બેસવું જોઈએ.

**પથ્ય :**

આ ઋતુમાં સ્વાદે ગળ્યા, તૂરા અને કડવા રસ યુક્ત આહાર લેવો જોઈએ. આ ઉપરાંત ઘી યુક્ત આહાર લેવો જોઈએ.

કારેલા, દૂધી, પરવળ, મગ, મઠ, ધાણા, જીરૂ, મેથી, કોકમ, સૂંઠ વગેરેનો ઉપયોગ કરવો ડુંગળીનો ઉપયોગ પણ કરાય.

દાડમ, આમળા, સૂકી કાળી દ્રાક્ષ, અંજીર, કેળા, શેરડી, નાળિયેર, દૂધના વ્યંજન, દૂધીનો હલવો, પેંડા, ઘઉં કે શિંગોડાના લોટના લાડું વેડમી, ગુલાબજાંબુ, રબડી, શ્રીખંડ વગેરે લેવા.

**અપથ્ય :**

દહીં, ભીંડો, કાકડી, લસણ, ટામેટા, મીઠું, મરચું, તલ, અડદ, વધુ પડતો વ્યાયામ, વધારે પડતો ખાટો, ખારો અને તીખો આહાર, અથાણું, ગરમ મસાલો વગેરે ન લેવા.

મુદ્રક પ્રકાશક : સેવા ભારતી ગુજરાત વતી, **શ્રી ગિરીશભાઈ હિંમતલાલ પટેલે** નવભારત પ્રિન્ટીંગ પ્રેસ, ૯, પુનાજી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ ક્રોસ રોડ, દૂધેશ્વર, અમદાવાદ-૩૮૦ ૦૦૪ ખાતે છપાવી સેવાભવન, ૭, જોલી પાર્ક સોસાયટી, શ્રેયસ કો. ઓ. સ્ટોરની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૨૨ ગુજરાતથી પ્રગટ કર્યું.